# જૈન બાલ પાઠાવલી

## જૈન બાલ પાઠાવલી
## જૈન શાળાના બાળકો માટે
## મૌખિક પરીક્ષાનો કોર્સ

પ્રકાશક

શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા - ધાર્મિક શિક્ષણ બોર્ડ


શ્રી બૃ. મું. વ. સ્થાનકવાસી જૈન મહાસંઘ સંચાલિત
દર્શન જ્ઞાન ચારિત્ર
માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા
ધાર્મિક શિક્ષણ બોર્ડ



## પ્રકાશન દિન


| | | |
|---|---|---|
| વીર સંવત | : | 2548 |
| વિક્રમ સંવત | : | 2078 |
| ઈ.સ | : | 26.9.2022 |

## પ્રથમ આવૃત્તિ

| | | |
|---|---|---|
| પ્રત | : | 3000 |
| જ્ઞાનાર્થે | : | 50 ₹ |


### પ્રાપ્તિ સ્થાન


શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

: સંચાલિત :

માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

જયંત આર્કેડ, રાજાવાડી સિગ્નલ,

હરીવન વામન પેઠેની ઉપર, ઓફિસ નંબર 202

ઘાટકોપર - (પૂ.), મુંબઈ- 400077

Office : 9702277914

Chaayaben : 9029933775

Chiragbhai : 9820596646

E-mail : jainshikshanboard@gmail.com

Website: jaineducationboard.org

# શ્રુત સ્તંભ

## સ્વ. શ્રી પ્રવીણચંદ્ર બાવીસીના પુણ્ય સ્મરણ નિમિત્તે

શ્રીમતી પ્રીતિબેન પ્રવીણચંદ્ર બાવીસી

સૌ. મુક્તિ દેવાંગ બાવીસી | સૌ. સૂચિતા દર્શન બાવીસી | ચિં. હર્ષિલ દેવાંગ બાવીસી

કાંદિવલી, મુંબઇ.

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની

જ્ઞાનપ્રસારના કાર્યમાં સહકાર આપી

સ્વયંના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર

લોકોત્તર પુણ્યનો બંધ કરનાર દાતા પરિવારનો

ધાર્મિક શિક્ષણ બોર્ડ ખૂબ-ખૂબ આભાર માને છે

તેઓના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે

|| નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ ||

# શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

**માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ**

**Matushree Maniben Manshi Bhimshi Chhadva- Dharmik Shikshan Board,**

Jayant Arcade, office No 202, 2nd floor, M.G. Road,
Rajawadi Signal, Ghatkopar (E), Mumbai- 400077

## જ્ઞાનદાન મહાદાન

### જ્ઞાન યોજના

| | |
|---|---|
| ₹1,00,000/- | શ્રુતસ્તંભ |
| ₹51,000/- | શ્રુતાધાર |
| ₹25,000/- | શ્રુતપ્રભાવક |
| ₹11,000/- | શ્રુતપ્રેરક |
| ₹5,000/- | શ્રુતસહયોગી |
| ₹2500/- | શ્રુતસહાયક |
| ₹1000/- | શ્રુતઅનુમોદક |

દેશ-વિદેશના હજારો પરીક્ષાર્થીઓ શ્રેણી 1 થી 24 ની પરીક્ષાઓ આપીને જ્ઞાનવૃદ્ધિ કરી રહ્યા છે.
આપશ્રી જ્ઞાનદાન યોજનમાં સહભાગી બનશો અને અન્યને અનુમોદના માટે પ્રેરિત કરશોજી.

## Banking Details for DONATION to Dharmik Sikshan Board

**A/c Name** : Shree Greater Bombay Vardhaman Sthanakvasi Jain Mahasangh
**Bank Name** : DENA BANK, Zaveri Bazar, Mumbai - 400 002.
**Code** : RTGS/BKDNO450008
**A/c. No.** : 021010025716 Phone : +91 (22) 22018629

**ચેક / ડ્રાફ્ટ શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થા. જૈન મહાસંઘના નામે લખવો.**

# પ્રસ્તાવના

એક સંત ગૌચરી વહોરાવવા ગૃહસ્થના આંગણે પધારે અને ઘરમાં રહેલો નાનકડો બાળક મમ્મીને કહે - આ Uncle ઘરે કેમ આવ્યા છે ?

પંચમકાળનો પ્રભાવ... આર્ય સંસ્કૃતિ અદ્રશ્ય થતી જાય છે. આજના બાળકને જૈન ધર્મની વિશેષતા, જિનશાસનને જયવંતુ રાખનારા સંત, સતીજી, પંચમહાવ્રતધારી સંતો કોણ હોય છે, તેઓની જીવનશૈલી કેવી હોય છે, આ જ્ઞાન, આવી સમજ ન હોવાથી, તે જૈનતત્ત્વથી વંચિત રહી જાય છે, પરંતુ વર્તમાન શ્રી જિનશાસનનું એ સૌભાગ્ય છે કે બાલ્યવયથી જ ધર્મના સંસ્કારોનું સિંચન થાય તે માટે પૂર્વજોએ જૈનશાળાનું આયોજન કર્યું છે.

શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ સંચાલિત માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા - ધાર્મિક શિક્ષણ બોર્ડ દ્વારા છેલ્લા 60 વર્ષથી પરીક્ષાઓનું આયોજન કરાય છે.

કેવળજ્ઞાની ભગવાનના શ્રીમુખેથી પ્રવાહિત થયેલ જૈન દર્શનની મુખ્ય અને મહત્ત્વપૂર્ણ જ્ઞાનધારાને ઝીલી લેતી શ્રેણીરૂપે વિભાજીત કરવામાં આવેલી આ પરીક્ષાઓમાં દેશ - વિદેશના મહિલા મંડળના હજારો બહેનો એવમ્ જૈન પાઠશાળાના બાળકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વયંની જ્ઞાનપિપાસાની તૃપ્તી કરે છે.

આજ સુધી અંદાજે 2 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષાઓ આપીને કેવલી પ્રરૂપિત જ્ઞાનનું અર્જન કર્યું છે અને સ્વના જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો છે.

આ બધા માટે આપણા પરમ ઉપકારી સંતો એવમ્ વડીલોનો આપણા ઉપર પરમ ઉપકાર છે. આ જમાનામાં બાળકો English mediumમાં ભણતા હોવાથી તેઓ માટે Englishમાં books અને papers પણ કાઢવાની શરુઆત કરવામાં આવી છે. Writer રાખીને પણ તેઓ પરીક્ષાઓ આપે છે. પણ જો મૌખિક પરીક્ષાઓ લેવામાં આવે તો તેમને writer રાખવા ન પડે અને બધી રીતે સુગમતા થઈ જાય એવું વિચારી મૌખિક પરીક્ષાઓ ચાલુ કરવા વિચાર કર્યો અને મૌખિક પરીક્ષાઓ અર્થે પુસ્તિકા તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

આ માટે પૂજનીય સંતોના આશીર્વાદ પણ પ્રાપ્ત થયા. આ પુસ્તિકા નાના-નાના ભૂલકાંઓને વિશેષ ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલી છે. જેમાં બાળકને સમજાય તેવી ભાષામાં સામાન્ય સમજણ, નાના-નાના ગીતો, સૂત્ર વિભાગ, સંસ્કાર વિભાગ અને ધર્મકથાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કુટુંબમાં કદાચ બા-દાદા કે વડીલોની ગેરહાજરીમાં આ સચિત્ર પુસ્તિકા બાળ માનસનું

સુસંસ્કારોથી ઘડતર કરશે. કહેવાય છે ને કે - મુખ દ્વારા એક વાત કહી શકાય પરંતુ ચિત્રો દ્વારા સો વાત સમજાવી શકાય છે. ચિત્ર સહજતાથી આકર્ષિત કરી શકે છે, માટે સચિત્ર પુસ્તિકા બનાવવામાં આવી છે.

પૂજ્ય ગુરુદેવોના આશીર્વાદથી અભ્યાસુ શ્રાવિકાઓએ પૂજ્ય મહાસતીજીઓના સંગાથે આ પુસ્તિકા અથાગ પરિશ્રમ કરી બનાવી છે. બાળકોમાં સારા સંસ્કારનું સિંચન થાય તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે.

તેમને અંતરના અભિનંદન આપીએ છીએ.

સર્વ જન હિતાય, સર્વ જન સુખાય એવી અંતઃકરણની ભાવનાની પૂર્તિ માટે આ પુસ્તક આદર પાત્ર બનશે... એ જ ભાવના.

આ પુસ્તક લખાણમાં જિનઆજ્ઞાથી ઓછું, અધિક, વિપરીત કંઈ લખાયું હોય તો વારંવાર મિચ્છામિ દુક્કડં.

**- ધાર્મિક શિક્ષણ બોર્ડ મુંબઈ**

## ધાર્મિક શિક્ષણ બોર્ડની 9 મી પ્રવૃત્તિમાં...

1. 60 વર્ષોથી જૈનધર્મના જ્ઞાન પ્રસાર અર્થે જૈનશાળા અને મહિલા મંડળની ધાર્મિક પરીક્ષાઓનું આયોજન કરનારી સંસ્થા
2. પરીક્ષા માટે જરૂરી પુસ્તકોનું પ્રકાશન.
3. શિક્ષકોના અને વિદ્યાર્થીઓના સમ્મેલનો યોજી તેમને અભ્યાસક્રમની સમજણ આપવી.
4. શ્રેણીની પરીક્ષાઓનાં ઈનામી મેળાવડાનું આયોજન કરવું.
5. જ્ઞાનદાતા શિક્ષકોનું અભિવાદન.
6. એક થી ચોવીસ શ્રેણી સુધીનો વિસ્તૃત અભ્યાસક્રમ ઉપલબ્ધ અને નવી શ્રેણીનો વિકાસ.
7. જૈન ધર્મનું ઊંડું જ્ઞાન ધરાવતા અનુભવી અને કુશળ જ્ઞાનદાતા દ્વારા ધાર્મિક અને આધ્યાત્મિક શિબિરોનું આયોજન.
8. Technology ના માધ્યમથી online અને લિખિત પરીક્ષા દરવર્ષે January અને Julyમાં લેવામાં આવે છે.
9. વૈશ્વિક (global) પરીક્ષાનું આયોજન, online Certificate અને ઇનામ વિતરણ.

# અનુક્રમણિકા


Page No

**1. સૂત્ર વિભાગ - સામાયિક સૂત્ર**

1. સામાયિક સૂત્રના પ્રથમ 4 પાઠ કંઠસ્થ - અર્થ સહિત - **20 marks** — 01
2. પ્રથમ 4 પાઠની સમજણ તથા પ્રશ્નોત્તર - **20 marks** — 09

**2. સામાન્ય સમજણ વિભાગ - 24 marks**

1. પ્રભુનામ સ્મરણનો મહિમા તથા ચોવીસ ભગવાનના નામ — 21
2. ત્રણ તત્ત્વ - નામ તથા સમજણ — 23
3. જય જિનેન્દ્ર — 24
4. સામાયિક ના ઉપકરણોનું મહત્ત્વ — 27

**3. ધર્મ અને વિજ્ઞાન - 6 marks** — 31

**4. કથા વિભાગ - 10 marks**

1. ચકલી નાની - પ્રેરણા મોટી — 34
2. સંગમ ગોવાળ – સુપાત્ર દાનનો મહિમા — 36
3. અતિમુક્ત કુમાર - નાની ઉંમરમાં જ્ઞાની — 39
4. બાળ વર્ધમાનની નિર્ભયતા — 42

**5. કાવ્ય વિભાગ - 10 marks**

1. પુણ્ય અર્જન — 44
2. વિવેકપૂર્વકનું વર્તન — 45
3. વીરનો વારસદાર — 46
4. મોક્ષમાં વિચરવું છે — 48

**6. સંસ્કાર વિભાગ - 10 marks**

1. નિત્ય આરાધના — 49
2. School તથા ધર્મસ્થાનની શિસ્ત — 51
3. ઘર તથા પરિવાર શિસ્ત — 52

# નમસ્કાર મહામંત્ર

| | | |
|---|---|---|
| નમો અરિહંતાણં | - | અરિહંત ભગવંતોને નમસ્કાર હો |
| નમો સિદ્ધાણં | - | સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો |
| નમો આયરિયાણં | - | આચાર્ય ભગવંતોને નમસ્કાર હો |
| નમો ઉવજ્ઝાયાણં | - | ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર હો |
| નમો લોએ સવ્વ સાહૂણં | - | લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર હો |
| એસો પંચ નમોક્કારો | - | આ પાંચ નમસ્કાર પદ |
| સવ્વપાવપ્પણાસણો | - | સર્વ પાપોનો નાશ કરનાર છે, |
| મંગલાણં ચ સવ્વેસિં | - | સર્વ મંગલોમાં |
| પઢમં હવઇ મંગલં | - | આ પ્રથમ મંગલ છે. |

# ગુરુવંદન સૂત્ર

| | | |
|---|---|---|
| તિક્ખુત્તો | - | ત્રણ વાર |
| આયાહિણં | - | જમણી તરફથી શરૂ કરીને |
| પયાહિણં | - | (જમણી તરફ વળતી) પ્રદક્ષિણા કરીને |
| વંદામિ | - | સ્તુતિ અથવા વંદન કરું છું, |
| નમંસામિ | - | પંચાંગ (પાંચ અંગ) નમાવી નમસ્કાર કરું છું, |
| સક્કારેમિ | - | સત્કાર કરું છું, |
| સમ્માણેમિ | - | સન્માન આપું છું, |
| કલ્લાણં | - | હે ગુરુદેવ! આપ કલ્યાણ રૂપ છો, |
| મંગલં | - | મંગલ રૂપ છો, |
| દેવયં | - | ધર્મદેવ રૂપ છો, |
| ચેઇયં | - | આપ જ્ઞાનવંત છો, |
| પજ્જુવાસામિ | - | હું આપની મન, વચન, કાયાએ કરી સેવા કરું છું. |

# ઇરિયાવહિયં સૂત્ર

**ઇચ્છામિ** - ઇચ્છું છું

**પડિક્કમિઉં** - પ્રતિક્રમણ કરવાને

**ઇરિયાવહિયાએ** - માર્ગમાં ચાલવાથી થતી

**વિરાહણાએ** - વિરાધનાથી, હિંસાથી

**ગમણાગમણે** - રસ્તામાં જતાં આવતાં

**પાણક્કમણે** - પ્રાણીઓને કચર્યાં હોય,

**બીયક્કમણે** - (સચેત) બીજ કચર્યાં હોય,

**હરિયક્કમણે** - લીલી વનસ્પતિને કચરી હોય,

**ઓસા** - બિંદુ, ઝાકળ, ઠાર,




**ઉત્તિંગ** - કીડીયારાં વગેરે જીવોના દર,

**પણગ** - પંચવર્ણી લીલ, ફૂગ, શેવાળ,

**દગ** - સચેત પાણી,

**મટ્ટી** - સચેત માટી,

**મક્કડા** - કરોળિયાનાં પડ,

**સંતાણા** - કરોળિયાનાં જાળાં,
**સંકમણે** - પગ મૂકીને કચર્યાં હોય,

**જે મે** - જે કોઇ, મેં (મારા જીવે)
**જીવા** - જીવોની
**વિરાહિયા** - વિરાધના કરી હોય, દુઃખ દીધું હોય,
**એગિંદિયા** - એક ઈંદ્રિયવાળા જીવ (ફક્ત કાયા હોય) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ (earth, water, fire, air and plants)

**બેઇંદિયા** - બે ઈંદ્રિયવાળા જીવ (કાયા અને જીભ હોય) જેવા કે કીડા, પોરા, છીપ, શંખ, કરમિયાં વગેરે. (worms, conch, shell, earthworms)

**તેઇંદિયા** - ત્રણ ઈંદ્રિયવાળા જીવ (કાયા, જીભ અને નાક હોય) જેવા કે કીડી, માંકડ, જૂ, લીખ વગેરે. (ants, lice, bigger lice)




**ચઉરિંદીયા** - ચાર ઈંદ્રિયવાળા જીવ (કાયા, જીભ નાક અને આંખ હોય) જેવા કે માખી, મચ્છર, ભમરા, વીંછી વગેરે. (flies, bees, wasps, mosquitoes, scorpion)

**પંચિંદિયા** - પાંચ ઈંદ્રિયવાળા જીવ (કાયા, જીભ, નાક, આંખ અને કાન હોય) જળચર, સ્થળચર, ઊરપર, ભુજપર, ખેચર તથા મનુષ્ય, દેવતા, નારકી. (devas & hellish beings)

**અભિહયા** - સામા આવતાં હણ્યાં હોય,
**વત્તિયા** - ધૂળ આદિથી ઢાંકયા હોય,

**લેસિયા** - જમીન સાથે મસળ્યાં હોય,
**સંઘાઈયા** - એકબીજાના શરીરને અથડાવ્યા હોય,

**સંઘટ્ટિયા** - સ્પર્શ કરી ખેદ પમાડ્યો હોય,

**પરિયાવિયા** - પરિતાપ, ચારે બાજુથી પીડા આપી હોય,

**કિલામિયા** - કિલામના-ગ્લાનિ ઉત્પન્ન કરી હોય,

**ઉદ્દવિયા** - ધ્રાસ્કો પમાડ્યો હોય અથવા ભયભીત કર્યા હોય,

**ઠાણાઓઠાણં** - એક સ્થાનેથી બીજા સ્થાને

**સંકામિયા** - સંક્રમણ કર્યા હોય, રાખ્યા હોય,
**જીવિયાઓ** - જીવનથી જ
**વવરોવિયા** - રહિત કર્યા હોય, મારી જ નાંખ્યા હોય,

**તસ્સ મિચ્છામિ દુક્કડં** - તેનું મારું પાપ મિથ્યા (નિષ્ફળ) થાઓ.

# ઉત્તરીકરણ સૂત્ર

**તસ્સ** - તેને (પાપયુક્ત આત્માને)
**ઉત્તરી કરણેણં** - વિશેષ, શ્રેષ્ઠ (ઉત્કૃષ્ટ) બનાવવા માટે
**પાયચ્છિત્ત કરણેણં** - પ્રાયશ્ચિત કરવા માટે,
**વિસોહિ કરણેણં** - વિશેષ શુદ્ધિ કરવા માટે,
**વિસલ્લી કરણેણં** - ત્રણ શલ્યોથી રહિત કરવા માટે,
**પાવાણં કમ્માણં** - પાપ કર્મનો
**નિગ્ઘાયણટ્ઠાએ** - મૂળથી નાશ કરવા માટે,
**ઠામિ** - કરું છું,
**કાઉસ્સગ્ગં** - કાયોત્સર્ગ (શરીરના વ્યાપારોનો ત્યાગ)
**અન્નત્થ** - સિવાય (નીચે બતાવેલા તેર આગારો સિવાય)

# આગાર સૂત્ર

**ઊસસિએણં -**
ઊંચો શ્વાસ લેવાથી
(1) (breathing in)

**નીસસિએણં -**
નીચો શ્વાસ મૂકવાથી
(2) (breathing out

**ખાસિએણં**-ઉધરસ,
ખાંસી આવવાથી
(3) (coughing)

**છીએણં -**
છીંક આવવાથી
(4) (sneezing)

**જંભાઇએણં -**
બગાસું આવવાથી
(5) (yawning)

**ઉડુએણં -**
ઓડકાર આવવાથી
(6) (burping)

**વાયનિસગ્ગેણં -** અધોવાયુ નીકળવાથી (7) (dispersion of bodily gas)

**ભમલીએ -** ચક્કર આવવાથી (8) (giddiness)

**પિત્ત -** પિત્તના પ્રકોપથી (9) (vomiting sensation)

**મુચ્છાએ -** મૂર્ચ્છા આવવાથી (10) (fainting)

**સુહુમેહિં અંગ સંચાલેહિં -** સૂક્ષ્મ પણે, જરાક શરીરનાં અંગોના હલવાથી (11) (subtle movements of small parts of the body)

**સુહુમેહિં ખેલ સંચાલેહિં -** સૂક્ષ્મ પણે, જરાક કફ, થૂંક ગળવા વડે થતાં સંચારથી (12) (slight movement due to gulping of cough)

**સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં -** સૂક્ષ્મ પણે, જરાક દ્રષ્ટિના સંચારથી (13) (little movement of the eyes)

**એવમાઈએહિં -** ઈત્યાદિ (તેર તથા બીજા પણ)

**આગારેહિં -** આગારોથી, છૂટોથી

**અભગ્ગો -** અભગ્ગ - ભાંગે નહિં

**અવિરાહિઓ -** વિરાધના રહિત, અખંડિત

**હુજ્જમે -** હોજો મારો

**કાઉસ્સગ્ગો -** કાયોત્સર્ગ

**જાવ -** જ્યાં સુધી

**અરિહંતાણં -** અરિહંત

**ભગવંતાણં -** ભગવંતોને

**નમોક્કારેણં -** નમસ્કાર કરીને (પ્રગટપણે નમો અરિહંતાણં બોલીને)

**ન પારેમિ -** ન પાળું, (કાયોત્સર્ગ પૂરો ન કરું)

**તાવ -** ત્યાં સુધી (હું),

**કાયં -** કાયાને (શરીરને)

**ઠાણેણં -** એક સ્થાને સ્થિર રહીને,

**મોણેણં -** વચન દ્વારા મૌન રહીને,

**ઝાણેણં -** શુભ ધ્યાનમાં મનની એકાગ્રતા કરીને,

**અપ્પાણં -** આત્માને અર્થાત્ ચંચળ એવી મારી કાયાને પાપથી

**વોસિરામિ -** વોસિરાવું છું (અલગ કરું છું, ત્યાગું છું).

---

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું,
મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકળ વિશ્વનું,
એવી ભાવના નિત્ય રહે.

ગુણથી ભરેલા ગુણીજન દેખી,
હૈયું મારું નૃત્ય કરે;
એ સંતોના ચરણકમળમાં,
મુજ જીવનનું અર્ઘ્ય રહે.

---

# નમસ્કાર મંત્ર - સમજણ

- નમસ્કાર મંત્ર શાશ્વત મંત્ર છે. જ્યારથી સમય છે ત્યારથી આ મંત્ર છે.
- નમસ્કાર મંત્રમાં કોઈ વ્યક્તિને નમસ્કાર નથી પરંતુ જેમણે ગુણો પ્રાપ્ત કર્યા છે તેમને નમસ્કાર છે.
- આ પાઠનું બીજું નામ પંચ પરમેષ્ઠી સૂત્ર છે. જેમાં અરિહંત, સિદ્ધ, આચાર્યજી, ઉપાધ્યાયજી, અને સાધુ-સાધ્વીજીઓ આ પાંચ પ્રકારના શ્રેષ્ઠ આત્માઓને નમસ્કાર કરવામાં આવે છે.
- ધર્મનું મૂળ વિનય છે અને આ પાઠમાં પહેલો જ શબ્દ **નમો** આપ્યો છે.

**અરિહંત ભગવંત** અરિ એટલે શત્રુ, હંત એટલે હણનારા. આંતર શત્રુઓને હણનારા, રાગ-દ્વેષને જિતનારા, ચાર ઘાતી કર્મોનો ક્ષય કરનારા છે.

**સિદ્ધ ભગવંત** આઠ કર્મોનો ક્ષય કરી, સર્વ કર્મોથી મુક્ત થઇ, સિદ્ધક્ષેત્ર પર બિરાજમાન છે.

**આચાર્યજી** પંચાચારનું પાલન કરનારા અને કરાવનારા, શ્રી સંઘનું સફળ સંચાલન, નેતૃત્વ કરનારા છે.

**ઉપાધ્યાયજી** શ્રી આગમ સૂત્રોનું, શાસ્ત્રોનું અધ્યયન (અભ્યાસ) કરનારા અને કરાવનારા છે.

**સાધુ-સાધ્વીજી** પંચ મહાવ્રતોનું પાલન કરનારા, પ્રભુ આજ્ઞામય સંયમ જીવન જીવનારા છે.

- નમસ્કાર મહામંત્રમાં અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાન એ બંને આપણા ધર્મદેવ છે અને આચાર્યજી , ઉપાધ્યાયજી અને સાધુ સાધ્વીજી એ ત્રણ આપણા ધર્મગુરુ છે.
- નમસ્કાર મંત્રને ભાવથી બોલવાથી આદેય નામકર્મ બંધાય છે. આદેય નામ કર્મ એટલે આપણે જે બોલીએ તે થાય,જેવું વિચારીએ તેવું થાય.
- જેમ-જેમ આપણે ભાવથી બોલીએ તેમ-તેમ આપણી bad qualities દૂર થાય છે. Good qualities increase થાય છે.
- નમસ્કાર મહામંત્રનું પ્રથમ પદ એટલે નમો. નમો બોલતી વખતે માત્ર આંખની પાંપણ ઢળવી જોઈએ. પાંપણ ઢાળવાથી અંદરમાં ગમે તેવો થાક હોય, ગમે તેવો stress હોય, ગમે તેવું tention હોય, તે દૂર થઈ જાય છે. વૈજ્ઞાનિકો પણ કહે છે આખા શરીરનો થાક પાંપણ ઉપર હોય છે. જો તમે stress out થવા માંગતા હોય તો એકવાર આ વિધિથી નમસ્કાર મંત્રનું સ્મરણ કરવું.

# નમસ્કાર મહામંત્ર (પ્રશ્નોત્તર)



**પ્રશ્ન-1: નમસ્કાર મહામંત્રનું બીજું નામ શું છે?**

**જવાબ:** નમસ્કાર મંત્રનું બીજું નામ પંચ પરમેષ્ઠી સૂત્ર છે. આ પાંચ પદ આપણા માટે પરમ ઈષ્ટ એટલે કે પરમ કલ્યાણકારી હોવાથી તેઓ પંચ પરમેષ્ઠી કહેવાય છે.

**પ્રશ્ન-2: નમસ્કાર મહામંત્રમાં આપણા ધર્મદેવ કોણ કોણ છે?**

**જવાબ:** નમસ્કાર મહામંત્રમાં અરિહંત અને સિદ્ધ ભગવાન આપણા ધર્મદેવ છે.

**પ્રશ્ન-3: નમસ્કાર મહામંત્રમાં આપણા ધર્મગુરુ કોણ કોણ છે?**

**જવાબ:** નમસ્કાર મહામંત્રમાં આચાર્યજી, ઉપાધ્યાયજી અને સાધુ-સાધ્વીજી એ ત્રણ આપણા ધર્મ ગુરુ છે.

**પ્રશ્ન-4: નમસ્કાર મહામંત્રને શાશ્વત મંત્ર શા માટે કહે છે?**

**જવાબ:** નમસ્કાર મહામંત્રની સ્થાપના કોઈએ કરી નથી. જ્યારથી સમય છે ત્યારથી આ મંત્ર છે માટે તેને શાશ્વત મંત્ર કહે છે.

**પ્રશ્ન-5: નમસ્કાર મંત્રને મહામંત્ર શા માટે કહેવાય છે?**

**જવાબ:** નમસ્કાર મંત્રમાં કોઈ વ્યક્તિને નમસ્કાર નથી, પરંતુ જેમણે ગુણ પ્રગટ કર્યા છે તેમને નમસ્કાર છે માટે તેને મહામંત્ર કહેવાય છે.

**પ્રશ્ન-6: નમસ્કાર મંત્ર ક્યારે બોલી શકાય?**

**જવાબ:** એક બાળક તેની માતાને ગમે ત્યારે બોલાવી શકે તેવી જ રીતે, નમસ્કાર મંત્ર દ્વારા આપણે બાળક બની પ્રભુને ક્યારેય પણ બોલાવી શકીએ. નમસ્કારમંત્ર દરેક સમયે, દરેક પરિસ્થિતિમાં, દરેક જગ્યાએ બોલી શકાય છે.

**પ્રશ્ન-7: નમસ્કાર મહામંત્રમાં સિદ્ધપ્રભુએ આઠ કર્મ ક્ષય કરી લીધા છે છતાં પણ અરિહંત પ્રભુને પ્રથમ પદ શા માટે આપવામાં આવ્યું છે?**

**જવાબ:** નમસ્કાર મહામંત્રમાં સિદ્ધપ્રભુએ આઠ કર્મ ક્ષય કર્યા છે. તેઓને શરીર હોતું નથી, તે ઉપદેશ આપી શકતા નથી, આપણા પર પ્રત્યક્ષ ઉપકાર કરી શકતાં નથી. આપણને સિદ્ધપ્રભુનું સ્વરૂપ પણ અરિહંત પરમાત્મા જ બતાવે છે. અરિહંત પ્રભુના આપણા પર ઉપકાર છે, માટે ઉપકાર ભાવ સાથે તેમને પ્રથમ પદમાં સ્થાન આપવામાં આવ્યું છે.

**પ્રશ્ન-8: અરિહંત પરમાત્માએ કેટલા કર્મો ક્ષય કર્યા હોય છે? ક્યા ક્યા?**

**જવાબ:** અરિહંત પરમાત્માએ ચાર ઘાતિ કર્મ ક્ષય કર્યા હોય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય.

**પ્રશ્ન-9: ઘાતિ કર્મ એટલે શું?**

**જવાબ:** જે આત્માના ગુણોનો ઘાત (નાશ) કરે તેને ઘાતિ કર્મ કહેવાય.

**પ્રશ્ન-10: નમસ્કાર મહામંત્રના પાંચ પદમાં કેટલા આત્માઓને શરીર હોય છે?**

**જવાબ:** નમસ્કાર મહામંત્રના પાંચ પદમાં અરિહંત, આચાર્યજી, ઉપાધ્યાયજી અને સાધુ સાધ્વીજીઓ, આ ચાર પદને શરીર હોય છે. સિદ્ધ ભગવાનને શરીર હોતું નથી.

**પ્રશ્ન-11: નમસ્કાર મહામંત્રના સ્મરણથી શું લાભ થાય?**

**જવાબ:** 1) આદેય નામ કર્મનો બંધ થાય છે. તેનાથી આપણું વચન સર્વમાન્ય બને છે.

2) સર્વ વિઘ્નો, આપત્તિઓ, કષ્ટો દૂર થાય છે.

3) નમ્રતા, વિનય જેવા ગુણો પ્રગટે છે.

4) આપણી ગુણગ્રાહી દ્રષ્ટિનો વિકાસ થાય છે.

5) જેના શરણે જઈએ, તેના જેવા થઈએ. આપણે પણ આપણા કર્મનો ક્ષય કરી પરમાત્મા બની શકીએ.

6) ખૂબ ભાવપૂર્વક, લયબદ્ધ રીતે મંત્રોના ઉચ્ચારણ, મંત્રગાન થકી પવિત્ર અને શક્તિશાળી સ્પંદનો વાતાવરણમાં પ્રસરે છે. જે ખૂબ લાભદાયી અને ફળદાયી બને છે.

# ગુરુ વંદન સૂત્ર - સમજણ

- સામાયિકના બીજા પાઠનું નામ ગુરુવંદન સૂત્ર છે જે તિક્ખુત્તોના નામે પણ ઓળખાય છે.
- સામાયિકનો બીજો પાઠ પૂજ્ય સાધુ-સાધ્વીજીઓને વંદન કરવા માટેનો છે.
- ગુરુના જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેય ગુણો આપણામાં પ્રગટ થાય તે ભાવ સાથે ગુરુને ત્રણ વાર વંદના કરવામાં આવે છે.
- બે હાથ, બે પગ અને પાંચમું મસ્તક એ પાંચેય અંગો નમાવીને વંદના કરવામાં આવે છે.
- ભાવ પૂર્વક વંદના કરવાથી ઉચ્ચ ગોત્ર પુણ્ય કર્મ બંધાય છે. જેને કારણે શ્રેષ્ઠ જાતિ, શ્રેષ્ઠ કુળ, શ્રેષ્ઠ બળ, શ્રેષ્ઠ રૂપ, શ્રેષ્ઠ તપ, શ્રેષ્ઠ સૂત્ર /જ્ઞાન, શ્રેષ્ઠ લાભ અને શ્રેષ્ઠ ઐશ્વર્યની ભવિષ્યમાં પ્રાપ્તિ થાય છે.
- વંદના એ સ્વયંની અહમ વૃત્તિ, સ્વયંનો ego ઘટાડવાની process છે.
- વંદના એટલે કે નમસ્કારની process દરેક ધર્મમાં હોય છે. જે મારાથી ગુણોમાં શ્રેષ્ઠ છે તેમને વંદના કરવાની હોય છે.
- જેને જ્ઞાન ન ચડતું હોય, કાંઈ યાદ ન રહેતું હોય તે ઉત્કૃષ્ટ અહોભાવથી વંદના કરે તો યાદ રહી જાય છે.
- વિધિ સહિત વંદના કરવાથી શારીરિક લાભ પણ પ્રાપ્ત થાય છે.

- મસ્તક જ્યારે નીચે ઝૂકે ત્યારે mindને fresh blood મળે છે અને heartને oxygen વધારે મળે છે.
- શરીર flexible રહે છે, હાડકાંઓ મજબૂત બને છે, શરીરના દરેક અંગને વ્યાયામ મળી જાય છે.
- કપાળની મધ્યમાં રહેલ આજ્ઞાચક્ર જમીનને સ્પર્શે છે તેથી આજ્ઞાચક્ર active અને balance થાય છે. જેના કારણે શક્તિનો વિકાસ થાય છે.

# ગુરુ વંદન સૂત્ર (પ્રશ્નોત્તર)

**પ્રશ્ન-1: સામાયિકના બીજા પાઠનું નામ શું છે ?**

**જવાબ:** સામાયિકના બીજા પાઠનું નામ ગુરુવંદન સૂત્ર છે. તે તિક્ખુત્તોના નામે પણ ઓળખાય છે.

**પ્રશ્ન-2: સામાયિકનો બીજો પાઠ કોને વંદન કરવા માટે છે ?**

**જવાબ:** સામાયિકનો બીજો પાઠ પૂજ્ય ગુરુ ભગવંતો તથા સર્વ સાધુ-સાધ્વીજીઓને વંદન કરવા માટેનો છે.

**પ્રશ્ન-3: વંદના કેટલી વાર કરવામાં આવે છે ? શા માટે ?**

**જવાબ:** વંદના ત્રણ વખત કરવામાં આવે છે કારણ કે, ગુરુના જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેય ગુણો પ્રત્યે અહોભાવ પ્રગટાવતા આપણામાં પણ તે પ્રગટ થાય તેવા ભાવ સાથે ત્રણ વખત વંદના કરવામાં આવે છે.

**પ્રશ્ન-4: વંદના કરવાથી શું લાભ થાય છે ?**

**જવાબ:** વંદના કરવાથી -

1) નીચ ગોત્ર કર્મનો ક્ષય થાય છે.
2) ઉચ્ચ ગોત્ર કર્મનો બંધ થાય છે.
3) વિનય ગુણની પ્રાપ્તિ થાય છે.
4) દરેક જગ્યાએ success મળે છે.
5) આદેય નામ કર્મનો બંધ થાય છે.
6) શારીરિક સ્વસ્થતા પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન-5: વંદના કઈ રીતે કરવામાં આવે છે ?**

**જવાબ:** વંદના બે હાથ, બે પગ અને પાંચમું મસ્તક એ પાંચ અંગો નમાવીને કરવામાં આવે છે.

**પ્રશ્ન-6: આવર્તન એટલે શું ?**

**જવાબ:** જમણી તરફના કાનથી શરૂ કરી અને જમણી તરફના કાન પાસે હાથ લાવી circle પૂરું કરીએ તેને આવર્તન કહેવાય છે. આવા ત્રણ આવર્તન કરીને વંદના કરવાની હોય છે.

**પ્રશ્ન-7: વંદના કેટલા પ્રકારની હોય છે ?**

**જવાબ:** વંદના ત્રણ પ્રકારની હોય છે. જઘન્ય વંદના, મધ્યમ વંદના, ઉત્કૃષ્ટ વંદના.

**પ્રશ્ન-8: વંદના કરવાથી ક્યા આત્માએ મહાલાભને પ્રાપ્ત કર્યો ?**

**જવાબ:** શ્રી કૃષ્ણ વાસુદેવે ઉત્કૃષ્ટ અહોભાવ સાથે વંદના કરી મહાલાભને પ્રાપ્ત કર્યો હતો.

**પ્રશ્ન-9: દરરોજ સવારે ઊઠીને કેટલી વંદના કરવી જોઈએ ?**

**જવાબ:** આપણા દેવ, ગુરુ અને ધર્મને દરરોજ સવારે ઊઠીને 3, 9 કે 27 વંદના કરવી જોઈએ.

**પ્રશ્ન-10: આ પાઠમાં આવતા સક્કારેમિ અને સમ્માણેમિ શબ્દનો શું અર્થ છે ?**

**જવાબ:** સક્કારેમિ એટલે **પધારો, જય હો, વિજય હો** વગેરે શબ્દો દ્વારા એટલે કે વચન દ્વારા સત્કાર કરવો અને સમ્માણેમિ એટલે એમને સંયમમાં ઉપયોગમાં આવે એવા ઉપકરણ અથવા એવા કોઈ પદાર્થ અર્પણ કરવા.

**પ્રશ્ન-11: ચેઈયં શબ્દનો અર્થ શું થાય છે ?**

**જવાબ:** ચેઈયં એટલે આપ જ્ઞાન સ્વરૂપ છો તેવો અર્થ થાય. આ શબ્દમાં એવા ભાવ દર્શાવવામાં આવે છે કે પરમાત્મા સ્વયં આપણી સમક્ષ નથી પરંતુ તેઓનું જે અનંત જ્ઞાન પ્રગટ થયું છે તે અક્ષરદેહે ગુરુ થકી આપણા સુધી પહોંચે છે એટલે અહોભાવે તેમને વંદન કરીએ છીએ.

**પ્રશ્ન-12: વંદના એ શેની Process છે ?**

**જવાબ:** વંદના એ સ્વયંની અહમ વૃત્તિ, સ્વયંનો ego ઘટાડવાની process છે.

ગુરુ મંગલમં, ગુરુદેવ મંગલમં
ગુરુ નામ મંગલમં, ગુરુ કૃપા મંગલમં
ગુરુ જ્ઞાન મંગલમં, ગુરુ દર્શન મંગલમં
ગુરુ ચરણ મંગલમં, ગુરુ શરણ મંગલમં

# ઈરિયાવહિયં સૂત્ર - સમજણ

- સામાયિકના ત્રીજા પાઠનું નામ ઈરિયાવહિયં સૂત્ર છે. જે આલોચના સૂત્રના નામે પણ ઓળખાય છે.
- આપણાથી જે નાના-મોટા જીવોની, છકાય જીવોની હિંસા થઈ જાય, તેને sorry કહેવાનો, હિંસાના દોષોની આલોચના કરવાનો આ ત્રીજો પાઠ છે.
- આ પાઠ બોલવાથી આપણી અંદર કરુણાનો ગુણ પ્રગટ થાય છે. આપણી અંદર એક alertness આવે છે જેને કારણે કર્મ બંધ ઓછા થાય છે.
- આ પાઠની સમજથી બધા જીવો આપણા friend બની જાય છે. કારણ કે, આપણે બધાને sorry કહી દઈએ છીએ, કોઈની સાથે વેર-ઝેર રહેતું નથી.
- જેમ-જેમ ભાવથી આ પાઠ બોલતા જઈએ તેમ-તેમ આપણો soul pure બનતો જાય છે અને આપણું અને પરમાત્મા વચ્ચેનું અંતર ઘટતું જાય છે.

- બધા જીવોને આપણે પ્રેમ કરવા લાગીએ છીએ જેને કારણે બધા જીવ પણ આપણને પ્રેમ કરે છે. આપણે બધાના favourite બની જઈએ છીએ.
- આપણી 5 sensesની value સમજાય છે. કારણ કે, 5 senses વગરના જીવો કેવા હોય તેની સમજ આ પાઠમાં છે.
- મસ્તીમાં કે અણસમજમાં આપણે કોઈ જીવોને hurt કરવાનું બંધ કરી દઈએ છીએ, જેને કારણે ભવિષ્યમાં આપણને પણ કોઈ hurt કરતું નથી.
- આલોચના કરીને ધીમે-ધીમે આપણે પણ પરમાત્મા જેવા બનવા લાગીએ છીએ.
- દરરોજ રાત્રે સૂતી વખતે આ પાઠનો કાઉસગ્ગ કરવાથી આપણે આખા દિવસમાં જેટલા પણ જીવોને hurt કર્યા હોય તેની આલોચના અને પ્રાયશ્ચિત થઇ જાય છે.

|| ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવાવિ ખમતું મે,
મિત્તીમે સવ્વ ભુએસુ, વેરં મજ્ઝં ન કેણંઈ. ||

# ઈરિયાવહિયં સૂત્ર (પ્રશ્નોત્તર)

**પ્રશ્ન-1: સામાયિકના ત્રીજા પાઠનું નામ શું છે ?**

**જવાબ:** સામાયિકના ત્રીજા પાઠનું નામ ઇરિયાવહિયં સૂત્ર છે જે આલોચના સૂત્ર તરીકે પણ ઓળખાય છે.

**પ્રશ્ન-2: આ પાઠમાં કયા જીવોની હિંસાની આલોચના કરવામાં આવે છે ?**

**જવાબ:** આ પાઠમાં રસ્તે ચાલતા છ કાય જીવોની વિરાધના થઈ હોય તો તેની આલોચના કરવામાં આવે છે.

**પ્રશ્ન-3: સંસારી જીવોના કેટલા પ્રકાર છે ?**

**જવાબ:** સંસારી જીવોના છ પ્રકાર છે.

1) **પૃથ્વીકાય** એટલે માટીના જીવો - પથ્થર, રેતી, ખાણમાંથી નીકળતી દરેક વસ્તુ વગેરે.
2) **અપકાય** એટલે પાણીના જીવો - દરિયા, સરોવર, વરસાદ, નદી વગેરેનું પાણી.
3) **તેઉકાય** એટલે અગ્નિના જીવો - ગેસ, હોળી, bonfire, ચૂલો આદિની અગ્નિ.
4) **વાયુકાય** એટલે હવાના જીવો - ચારે દિશામાં વહેતી હવા, cyclone વગેરે.
5) **વનસ્પતિકાય** એટલે શાકભાજી અને વનસ્પતિના જીવો ફળ, ફૂલ, પાન, ડાળીઓ વગેરે.
6) **ત્રસકાય** એટલે બધા હાલતાં-ચાલતાં કીડી, માખી, મચ્છર, પશુ, પક્ષી, મનુષ્ય, નારકી, દેવતા વગેરે.

**પ્રશ્ન-4: એક ઇન્દ્રિયવાળા જીવોને કઇ ઇન્દ્રિય હોય ? એક ઇન્દ્રિયવાળા જીવો કોણ હોય ?**

**જવાબ:** એક ઇન્દ્રિયવાળા જીવોને ફક્ત શરીર જ હોય. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવોને એક ઇન્દ્રિય હોય છે.

**પ્રશ્ન-5: બે ઇન્દ્રિયવાળા જીવોને કઈ બે ઇન્દ્રિય હોય છે ? બે ઇન્દ્રિયવાળા જીવો કોણ હોય ?**

**જવાબ:** બે ઇન્દ્રિયવાળા જીવોને શરીર અને જીભ આ બે ઇન્દ્રિય હોય છે. શંખ, પોરા, અળસિયા વગેરે જીવોને બે ઇન્દ્રિય હોય છે.

**પ્રશ્ન-6: ત્રણ ઇન્દ્રિયવાળા જીવોને કઈ-કઈ ઇન્દ્રિય હોય છે ? ત્રણ ઇન્દ્રિયોવાળા જીવો કોણ હોય ?**

**જવાબ:** ત્રણ ઇન્દ્રિયવાળા જીવોને શરીર, જીભ અને નાક, આ ત્રણ ઇન્દ્રિયો હોય છે. કીડી, મંકોડા, ધનેડા, માંકડ, જૂ વગેરે જીવોને ત્રણ ઇન્દ્રિય હોય છે.

**પ્રશ્ન-7: ચાર ઇન્દ્રિયવાળા જીવોને કઈ ચાર ઈન્દ્રિયો હોય છે ? ચાર ઇન્દ્રિયોવાળા જીવો કોણ હોય ?**

**જવાબ:** ચાર ઇન્દ્રિયોવાળા જીવોને શરીર, જીભ, નાક અને આંખ એ ચાર ઇન્દ્રિય હોય છે. માખી, મચ્છર, વીંછી, ભમરા વગેરે જીવોને ચાર ઇન્દ્રિય હોય છે.

**પ્રશ્ન-8: પાંચ ઇન્દ્રિયવાળા જીવોને કઈ-કઈ ઇન્દ્રિય હોય છે ? તેમાં કોનો-કોનો સમાવેશ થાય છે ?**

**જવાબ:** પાંચ ઇન્દ્રિયવાળા જીવોને શરીર, જીભ, નાક, આંખ અને કાન આ પાંચે ઇન્દ્રિય હોય છે. તેમાં નારકી, દેવતા, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય આ ચારે ગતિના જીવોનો સમાવેશ થાય છે. **તિર્યંચ પંચેન્દ્રિયના પાંચ પકાર છે.**

1) જળચર : માછલી, મગર વગેરે પાણીમાં રહેતા જીવોને જળચર કહેવાય છે.
2) સ્થળચર : ગાય, ભેંસ, બકરી, બિલાડી વગેરે પશુઓને સ્થળચર કહેવાય છે.
3) ઉરપરીસર્પ : સાપ, અજગર વગેરે જે પેટ પર ચાલે તેવા જીવોને ઉરપરીસર્પ કહેવાય છે.
4) ભુજપરીસર્પ : ગરોળી, વીંછી જે હાથ પર ચાલે તેવા જીવોને ભુજપરીસર્પ કહેવાય છે.
5) ખેચર : કબૂતર, ચકલી, પોપટ જેવા પક્ષી જે ઉડી શકે છે તેને ખેચર કહેવાય છે.

**પ્રશ્ન-9: આ પાઠ બોલવાથી કયા ગુણની પ્રાપ્તિ થાય છે ?**

**જવાબ:** આ પાઠ બોલવાથી મૈત્રી અને કરુણાના ગુણની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-10: રાત્રે સૂતા પહેલા આ પાઠનો કાઉસ્સગ્ગ કરીએ તો શું લાભ થાય ?**

**જવાબ:** આપણે આખા દિવસમાં જેટલા પણ જીવોને hurt કર્યા હોય તેની આલોચના અને પ્રાયશ્ચિત થઇ જાય છે.

# તસ્સ ઉત્તરી સૂત્ર - સમજણ

- સામાયિકના ચોથા પાઠનું નામ તસ્સ ઉત્તરી સૂત્ર છે.
- આ પાઠમાં કાઉસ્સગ્ગની વિધિ બતાવવામાં આવી છે.
- કાઉસ્સગ્ગમાં શરીરને સ્થિર રાખવાનું હોય છે, મૌન રહેવાનું હોય છે, અને mindને ધર્મમાં સ્થિર કરવાનું હોય છે.
- કાઉસ્સગ્ગમાં આ 3 processમાં સ્થિર થયાં બાદ, જો છીંક આવે, બગાસું આવે અથવા શરીરમાં સ્વાભાવિક રીતે આવી 13 ક્રિયાઓ થાય તો તેની છૂટ રાખવાની હોય છે. જેને આગાર કહેવાય છે, જેના દ્વારા આપણો કાઉસ્સગ્ગ break થતો નથી.
- આ પાઠ દ્વારા આપણો soul વધારે pure બને છે.
- કાઉસ્સગ્ગને કારણે આપણી 5 ઇન્દ્રિયો controlમાં રહે છે. અને જ્યારે 5 ઇન્દ્રિયો પર control થાય ત્યારે આપણી 6th sense open થાય છે.
- કાઉસ્સગ્ગ કરવાથી memory powerful બને છે. કારણ કે, જ્યારે બહારની ઇન્દ્રિયો બંધ થાય ત્યારે અંદરના ગુણ પ્રગટ થાય છે.
- કાઉસ્સગ્ગ કરનાર વ્યક્તિ શાંત બની જાય છે. કોઈપણ situationમાં તે જલ્દીથી react કરતી નથી.
- દરેક problemનું solution easily મેળવી શકે છે.
- Emotion pure બને છે અને goodluck વધતા જાય છે.
- આપણો mind પર control આવે છે જેના કારણે આપણી વિચારશક્તિ વધે છે.
- કાઉસ્સગ્ગ એ powerful memoryનું secret છે.
- ભગવાને જયારે-જયારે સમય મળે ત્યારે-ત્યારે કાઉસ્સગ્ગ કરવા કહ્યું છે.

॥ અભિખણં કાઉસગ્ગકારી ॥

વારંવાર કાઉસ્સગ્ગ કરવાથી પાપની countinuityને break કરી શકાય છે.

# તસ્સ ઉત્તરી સૂત્ર (પ્રશ્નોત્તર)

**પ્રશ્ન-1: સામાયિકના ચોથા પાઠનું નામ શું છે ?**

**જવાબ:** સામાયિકના ચોથા પાઠનું નામ - તસ્સ ઉત્તરી સૂત્ર છે.

**પ્રશ્ન-2: સામાયિકનો ચોથો પાઠ શેની વિધિ બતાવે છે ?**

**જવાબ:** સામાયિકનો ચોથો પાઠ કાઉસ્સગ્ગની વિધિ બતાવે છે.

**પ્રશ્ન-3: કાઉસ્સગ્ગમાં કેટલા આગાર આવે છે ? આગાર એટલે શું ?**

**જવાબ:** સામાયિકમાં 13 આગાર આવે છે.

આગાર એટલે શરીરની એવી ક્રિયા જેના પર આપણો control હોતો નથી. જે ક્રિયાઓ દ્વારા આપણો કાઉસ્સગ્ગ break થતો નથી તેને આગાર એટલે કે છૂટ કહેવાય છે.

**પ્રશ્ન-4: કાઉસ્સગ્ગ કરવાથી શું ફાયદો થાય છે ?**

**જવાબ:** 1) શરીરની ચંચળતા ઓછી થાય છે.

2) વચન પર અને ભાષા પર control આવે છે.

3) યાદશક્તિ વધે છે.

4) આપણો decision power strong બને છે.

5) કોઈપણ પરિસ્થિતિમાં આપણે જલ્દીથી react કરતા નથી.

**પ્રશ્ન-5: કાઉસ્સગ્ગ કેવી રીતે કરી શકાય ?**

**જવાબ:** કાઉસ્સગ્ગ કોઈપણ એક સ્થાને ઊભાં-ઊભાં, બેઠાં-બેઠાં અથવા કોઇ પણ સ્થિર આસને કરી શકાય. કાઉસ્સગ્ગમાં કાયાને સ્થિર કરી દેવામાં આવે છે. વચનને મૌન કરી દેવામાં આવે છે અને મનથી શરીર અને આત્મા અલગ છે તે ભાવ કરવામાં આવે છે.

**પ્રશ્ન-6: આ પાઠમાં શલ્યરહિત થવા માટે કયો શબ્દ બતાવવામાં આવ્યો છે ?**

**જવાબ:** આ પાઠમાં શલ્યરહિત થવા માટે “ વિસલ્લી કરણેણં” આ શબ્દ બતાવવામાં આવ્યો છે.

**પ્રશ્ન-7: શલ્ય એટલે શું? તે કયા કયા છે?**

**જવાબ:** શલ્ય એટલે કાંટો. તે ત્રણ છે....

1) માયા - એટલે કે કપટ

2) નિયાણું - એટલે કે ધર્મ ક્રિયાનું ફળ માંગવું

3) મિથ્યાત્વ - એટલે કે ખોટી સમજણ.

આ ત્રણ આત્મશલ્ય બતાવ્યા છે.

**પ્રશ્ન-8: કાઉસ્સગ્ગના ચોથા પાઠમાં શરીરભાવ છોડીને કયા ભાવમાં સ્થિર થવાનું હોય છે?**

**જવાબ:** કાઉસ્સગ્ગના ચોથા પાઠમાં શરીરભાવ છોડીને આત્મભાવમાં સ્થિર થવાનું હોય છે.

**પ્રશ્ન-9: કાઉસ્સગ્ગ કરતાં પહેલાં સામાયિકના કયા પાઠ બોલવામાં આવે છે?**

**જવાબ:** કાઉસ્સગ્ગ કરતાં પહેલા સામાયિકના 1 થી 4 પાઠ બોલવામાં આવે છે.

**પ્રશ્ન-10: ભગવાને જયારે-જયારે સમય મળે ત્યારે-ત્યારે શા માટે કાઉસ્સગ્ગ કરવા કહ્યું છે?**

**જવાબ:** પાપની countinuity ને break કરી શકાય તે માટે ભગવાને જયારે સમય મળે ત્યારે કાઉસ્સગ્ગ કરવા કહ્યું છે.

**Did You Know??**

ભગવાન મહાવીર સાડાબાર વર્ષના સાધના કાળમાં mostly કાઉસ્સગ્ગ ધ્યાનમાં જ લીન રહેતા હતા.

## વિભાગ - 2

## સામાન્ય સમજણ વિભાગ

# પ્રભુનામ સ્મરણનો મહિમા

સત્ય માર્ગની સમજણ આપનાર ચોવીસ તીર્થંકર પ્રભુ આપણા પરમ ઉપકારી છે. ચોવીસ ભગવાનનું નામ સ્મરણ કરવાથી અનંતા કર્મોનો ક્ષય થાય છે, અનંતુ પુણ્ય બંધાય છે, સંસારની દરેક પીડા - દુઃખ, ઉપાધિને દૂર કરવાની તથા આપણામાં સત્ય સમજ પ્રગટાવાની અદ્‌ભૂત શક્તિ તેમના નામ સ્મરણમાં રહેલી છે.

માટે રોજ ચોવીસે ભગવાનનું નામ સ્મરણ અવશ્ય કરવું જોઇએ. તે આપણા હિત, શ્રેય અને કલ્યાણનું કારણ બને છે.

ભજીએ નિત્ય ભગવાનના નામ,
કરીએ સદાય ભગવાનના કામ,
પામીએ સદાય સુખ શાંતિને આરામ

ચોવીસ તીર્થંકર પ્રભુ સંપૂર્ણ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ-સર્વોત્તમ પુણ્યના ધારક હોય છે. દેવ- મનુષ્યો સહિત ચારે ગતિના જીવો તેમને વંદન કરતાં હોય છે. તીર્થંકર પ્રભુ વિશ્વમાં જીવમાત્રના પરમ ઉપકારી હોય છે. તેઓ સંપૂર્ણ જ્ઞાનના ધારક હોવાને કારણે સર્વથા સત્ય ધર્મ બતાવે છે. આવા પરમ ઉપકારી ભગવંતનું નામ સ્મરણ તો આપણે નિત્ય કરવાનું જ છે, પણ સાથે-સાથે આપણા આત્મશ્રેય અર્થે તેઓએ જે માર્ગ બતાવ્યો છે, જે આજ્ઞા કરી છે, તેનું પાલન પણ યથાશક્તિ ચોક્કસ કરવું જ જોઇએ.

# ચોવીસ તીર્થંકર ભગવાનના નામ

1. શ્રી ઋષભદેવ સ્વામી
2. શ્રી અજિતનાથ સ્વામી
3. શ્રી સંભવનાથ સ્વામી
4. શ્રી અભિનંદન સ્વામી
5. શ્રી સુમતિનાથ સ્વામી
6. શ્રી પદ્મપ્રભ સ્વામી
7. શ્રી સુપાર્શ્વનાથ સ્વામી
8. શ્રી ચંદ્રપ્રભ સ્વામી
9. શ્રી સુવિધિનાથ સ્વામી
10. શ્રી શીતલનાથ સ્વામી
11. શ્રી શ્રેયાંસનાથ સ્વામી
12. શ્રી વાસુપૂજ્ય સ્વામી
13. શ્રી વિમલનાથ સ્વામી
14. શ્રી અનંતનાથ સ્વામી
15. શ્રી ધર્મનાથ સ્વામી
16. શ્રી શાંતિનાથ સ્વામી
17. શ્રી કુંથુનાથ સ્વામી
18. શ્રી અરનાથ સ્વામી
19. શ્રી મલ્લિનાથ સ્વામી
20. શ્રી મુનિસુવ્રત સ્વામી
21. શ્રી નમિનાથ સ્વામી
22. શ્રી નેમનાથ સ્વામી
23. શ્રી પાર્શ્વનાથ સ્વામી
24. શ્રી મહાવીર સ્વામી.

# ત્રિ તત્ત્વના નામ તથા સમજણ

**ત્રણ તત્ત્વ દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ**

ધર્મનો આધારસ્તંભ આ ત્રણ તત્ત્વ છે.

## દેવતત્ત્વ

અરિહંત અને સિદ્ધ ભગવાન આપણા દેવ છે. તેમાં અરિહંત ભગવાન દેહધારી છે, તેઓ સદેહે બિરાજમાન છે. તેઓ જિનશાસનની સ્થાપના કરીને જગતના જીવોને સુખ-શાંતિનો માર્ગ બતાવે છે. તેઓ કરુણાભાવે સર્વને ઉપદેશ આપે છે. સિદ્ધ ભગવાન દેહમુક્ત છે.

જિનશાસનના સ્થાપક, કેવળજ્ઞાન આદિ અનંતગુણોના ધારક, સર્વજ્ઞ, વીતરાગી પરમાત્મા આપણા દેવ છે.

## ગુરુતત્ત્વ

પંચ મહાવ્રતધારી, તીર્થંકરોની આજ્ઞાનું પાલન કરનારા નિર્ગ્રંથ સાધુ ભગવંતો આપણા ગુરુ છે. જ્યારે તીર્થંકર ભગવાન પ્રત્યક્ષ બિરાજમાન ન હોય ત્યારે, ગુરુ ભગવંત આપણને તીર્થંકરનો ઉપદેશ સમજાવે છે, આપણને સત્યનો રાહ બતાવે છે. જિનશાસનને જીવંત રાખે છે.

## ધર્મતત્ત્વ

પરમાત્માના ઉપદેશ દ્વારા પ્રગટ થયેલો મોક્ષમાર્ગ તે ધર્મતત્ત્વ છે. ધર્મતત્ત્વ તે સાધનાનો માર્ગ છે.

ત્રણ તત્ત્વોમાં દેવતત્ત્વ આપણું લક્ષ્ય છે. આપણો આત્મા પણ તીર્થંકર પરમાત્મા જેવો જ છે. આપણે પણ અરિહંત બનવું છે.

ત્રણ તત્ત્વોમાં મધ્યનું ગુરુતત્ત્વ આપણને દેવતત્ત્વની ઓળખાણ કરાવી ધર્મનો ઉપદેશ આપે છે, દેવ બનવાનો માર્ગ બતાવે છે. તેથી તેઓ આપણા અનંત ઉપકારી છે.

ત્રણ તત્ત્વોમાં ધર્મતત્ત્વ દેવતત્ત્વ, સુધી પહોંચવાનો માર્ગ છે.

આ રીતે આ ત્રણે તત્ત્વ શ્રેષ્ઠ છે, ઉપકારી છે. તેના પ્રતિ અહોભાવ, ભક્તિભાવ અને સમર્પણભાવ રાખવો, તેમાં જ આપણું શ્રેય છે, કલ્યાણ છે, શાંતિ અને સમાધિ છે.

**દેવતત્ત્વને ઓળખીએ, ગુરુતત્ત્વને માણીએ,**
**ધર્મતત્ત્વને જાણીને, પરમાનંદને પામીએ.**

# જય જિનેન્દ્ર

**પ્રશ્ન-1: જય જિનેન્દ્ર શબ્દનો અર્થ શું ?**

**જવાબ:** જય+જિન+ઇન્દ્ર = જિનેન્દ્ર. જય - જયકાર, જિન - જેઓએ રાગ દ્વેષને જીતી લીધા છે એવા કેવળી ભગવંત, ઇન્દ્ર - અધિપતિ, રાજા.

જેમણે રાગ-દ્વેષને જીતી લીધા છે એવા સામાન્ય કેવળી પણ જેમણે અધિપતિ એટલે કે ઇન્દ્ર માને છે એવા તીર્થંકર પ્રભુનો જય જયકાર હો.

**પ્રશ્ન-2: જય જિનેન્દ્ર કોને-કોને કહેવાય ?**

**જવાબ:** જય જિનેન્દ્ર આપણાથી મોટાઓને, આપણાથી નાનાઓને, આપણા મિત્રોને, આપણા સગા સંબંધીઓ સર્વેને કહેવાય. વડીલોને અને ઘરના દરેક સભ્યને, કોઈને phone કરીએ અને કોઈનો phone આવે ત્યારે, આપણા ઘરે guest આવે ત્યારે અને આપણે જ્યારે કોઈના ઘરે જઈએ ત્યારે ભાવથી જય જિનેન્દ્ર કહી વાતની શરૂઆત કરવી જોઈએ.

પણ રસ્તામાં તમને સાધુ – સાધ્વી મળે ત્યારે એમને જય જિનેન્દ્ર કહેશો ?

ના, તેમને તો બે હાથ જોડી, મસ્તક નમાવીને "મત્થએણ વંદામિ" કહી સુખ શાતા પૂછીશું.

**પ્રશ્ન-3: જય જિનેન્દ્ર ક્યારે કહેવાય ?**

**જવાબ:** સવારે ઉઠતાની સાથે જ મમ્મી-પપ્પા અને વડીલોને "જય જિનેન્દ્ર" કહી દિવસની શરૂઆત કરાય. Schoolમાં જતી વખતે, ઘરની બહાર નીકળતા સમયે, રસ્તામાં કોઇ પણ મિત્ર, સગા, સંબંધી મળે ત્યારે અને રાત્રે સૂતી વખતે મમ્મી, પપ્પા, દાદા, દાદી, નાના, મોટા સૌને "જય જિનેન્દ્ર" કહીને પછી જ સૂવા જવાય.

**પ્રશ્ન-4: જય જિનેન્દ્ર કેવી રીતે કહેવાય ?**

**જવાબ:** પહેલાં વિનયપૂર્વક મમ્મી-પપ્પા અને વડીલોની આંખોમાં આંખો મિલાવીને, તેમની સામે જોઈને, તેમની આંખોમાંથી નીકળતા positive raysને ગ્રહણ કરીને, પછી વાંકા વળીને તેમના જમણા પગના અંગુઠાને સ્પર્શ કરવાનો. એમ કરવાથી વડીલોનો આશીર્વાદ આપતો હાથ આપણા માથા પર મૂકાશે.

**પ્રશ્ન-5: રોજ વડીલો - મમ્મી - પપ્પા ને આ રીતે જય જિનેન્દ્ર કહેવાથી શું થાય ?**

**જવાબ:** તેનાથી વડીલો - મમ્મી - પપ્પાની eyesમાંથી નીકળતા positive raysની આપણને પ્રાપ્તિ થાય, જેનાથી આપણે કોઈ પણ field માં ક્યારેય પણ fail ન થઈએ.

વડીલોના positive vibrations સીધાં આપણા મસ્તકમાંથી આપણા આખા શરીરમાં ફેલાઇ જશે. જેનાથી આપણા વિચારો પણ positive થઈ જશે.

વડીલો - મમ્મી - પપ્પાની આંખો, જમણા પગનો અંગૂઠો અને હાથમાં વિશેષ શક્તિ રહેલી છે. તેમાંથી નીકળતા વિશેષ rays આપણી negativity દૂર કરે છે અને દરેક સમયે આપણું રક્ષણ કરે છે.

**પ્રશ્ન-6: ભાવથી જય જિનેન્દ્ર કહેવાથી શું લાભ થાય ?**

**જવાબ:** આપણે એક જ વાર જય જિનેન્દ્ર બોલીએ તો એક સાથે જેટલા તીર્થંકર પરમાત્માઓ થઇ ગયા છે તે બધાનો જય જયકાર થઇ જય છે.

- જિનેન્દ્ર ભગવંતનો જય જયકાર કરવાથી આપણને ભગવાન જેવા બનવાનું મન થાય છે. આવતા ભવમાં સદ્‌ગતિની પ્રાપ્તિ થાય.
- નિડર અને નિર્ભય બનાય.
- Ego, anger જેવા દુર્ગુણ દૂર થાય. નમ્રતા અને સરળતા આવે.
- આપણી aura શુદ્ધ થાય.
- આપણને positive energy મળે.
- આપણા વિચારો શુદ્ધ થાય.
- Will power અને memory power વધે છે.
- Aura positive થઈ જાય, જેથી કોઈ સાથે fight ન થાય, સર્વત્ર positivity ફેલાઇ જાય અને success મળે.

"જય જિનેન્દ્ર જૈનત્વની ઓળખ છે."

# SONG

Jai Jinendra to you, Jai jinendra to you
Family and friends, Family and friends
Jai Jinendra to you, Jai jinendra to you
Each and every one, Each and everyone

(Tune : When you are happy and you know it.)
When you wake up in the morning ... Say Jai Jinendra ...
Before sleeping at night ... Say Jai Jinendra ....
When you meet somebody . When you greet somebody ...
You first have to ... Say Jai Jinendra ...
To be favourite of God ... Say Jai Jinendra ..
To be loved by all ... Say Jai Jinendra ..
For success and progress ... For peace and for rest ...
We all have to ... Say Jai Jinendra ...

**Did You Know??**

ભાવથી
જય જિનેન્દ્ર કહેવાથી
આવતા ભવમાં
જૈન ધર્મની પ્રાપ્તિ થાય
તેવું "ભદ્ર પુણ્ય કર્મ" બંધાય છે.

# ઉપકરણ

સામાયિકની સાધનામાં સંસારના સાધનોને છોડીને ધાર્મિક સાધનોને સ્વીકાર કરવામાં આવે છે, તે સાધનોને ઉપકરણ કહેવાય છે. આપણા આત્માને પાપથી જે બચાવે, કર્મોનો ક્ષય કરાવે અને મોક્ષમાર્ગ પર અગ્રેસર કરે તેવા સાધનોને ઉપકરણ કહેવાય છે.

**તે ઉપકરણો આ પ્રમાણે છે...**

## 1) ગુચ્છો અને રજોહરણ

**"જીવદયાનું ઉપકરણ, શુદ્ધ કરે મારું અંતઃકરણ,**
**દેવોને પણ દુર્લભ છે, એવું અમૂલ્ય છે આ ઉપકરણ."**

- ગુચ્છો અને રજોહરણ એ જીવદયાનું પ્રતીક છે.
  જે આપણામાં દયા અને કરુણાના ગુણને પ્રગટ કરે છે.
- દેવતાઓ પાસે અઢળક સંપત્તિ હોવા છતાં પણ તેઓ આ ઉપકરણોને પ્રાપ્ત કરી શકતા નથી. એટલે દેવલોકના દેવોને પણ દુર્લભ છે તેવા આ ઉપકરણો છે.
- ગુચ્છો અને રજોહરણ મુલાયમ એવા ઊનથી બનાવવામાં આવે છે.
- સાધુના રજોહરણ પર કપડું બાંધવામાં આવે છે.
- શ્રાવકના ગુચ્છા અને રજોહરણની લાકડી પર કપડું વીંટેલું હોતું નથી.

## 2) મુહપત્તી

**"જતનાની જ્યોતિ પ્રગટાવે, તેવું છે આ ઉપકરણ,**
**સૂક્ષ્મ જીવોની રક્ષા કરતું , અમૂલ્ય છે આ ઉપકરણ"**

- મુખવસ્ત્રિકા જૈન ધર્મનું મુખ્ય ચિહ્ન છે.
- તે સફેદ રંગની હોય છે.
- તે 21 આંગળી લાંબી, 16 આંગળી પહોળી અને આઠ પડવાળી હોય છે.
- તેને દોરા વડે મોઢા પર બાંધવામાં આવે છે.
- મોઢા પર મુહપત્તી બાંધવાથી વાયુકાયના અને બીજા સૂક્ષ્મ જીવોની રક્ષા થાય છે.
- સૂક્ષ્મ જીવોની રક્ષાના ભાવ સાથે આપણામાં પણ કરુણાના ગુણ પ્રગટ થાય છે.
- પ્રભુની આજ્ઞાનું પાલન થાય છે.

## 3) પછેડી/ખેસ/ચોલપટ્ટો

**" છે બહુ અણમૂલી, પ્રભુની આ પછેડી,**
**પ્રભુ જેવા બનવાની, છે આ સરળ સીડી"**

- જ્યારે શ્રાવકો સામાયિક કરે ત્યારે પછેડી અને ચોલપટ્ટો પહેરે છે.
- શ્વેત રંગ શાંતિનું પ્રતીક છે. જ્યારે શ્વેત કલર પહેરીને સામાયિક કરવામાં આવે ત્યારે તે colourની positivity આપણા મન પર પણ અસર કરે છે.
- પ્રભુ જે સંયમ માર્ગ પર ચાલ્યા, તે માર્ગ પર આપણે અત્યારે ચાલી શકતા નથી પરંતુ 48 minits પ્રભુ જેવા વસ્ત્ર પરિધાન કરી આપણે એટલા સમય માટે પ્રભુ જેવા બની શકીએ છીએ.
- આજે ભાવથી કરેલી સાધના આવતીકાલની સંભાવના બની જતી હોય છે. આજે થોડા સમય માટે પ્રભુ જેવા બનીશું તો આવતીકાલે અવશ્ય આપણે પણ પરમાત્મા બની શકીશું.
- જ્યારે આપણે પ્રભુનો વેશ પહેર્યો હોય ત્યારે આપણાથી કોઈ અયોગ્ય કાર્ય થઈ શકતું નથી. કારણ કે, એક human psychology હોય અને તરત જ વિચાર આવે કે પ્રભુની પછેડી પહેરીને આવું અયોગ્ય મારાથી કેમ થાય? Automatic આપણા અવગુણો, આપણી અનંતકાળની વૃત્તિઓ ઘટવા લાગે છે.

## 4) માળા



**"ભાવથી પ્રભુ સાથે, કરાવે છે મારું મિલન**
**માળા કરતા હંમેશા, પ્રસન્ન રહે છે મારું મન"**

- માળામાં 108 પારા હોય છે.
  જે પંચ પરમેષ્ઠીના ગુણોનો સરવાળો હોય છે.
- માળા મુખ્યત્વે લાકડાની, રુદ્રાક્ષની, હોય છે.
- જે પદાર્થ અવાહક હોય તેની માળા લાભદાયક હોય છે, કારણ કે, તેમાં positive energy store રહેતી હોય છે. જ્યારે કે વાહક પદાર્થમાંથી પાસ થઈ જતી હોય છે.
- માળામાં જે ફૂમતું હોય તેની નીચેના સૌથી મોટા પારાને મેર કહે છે.
- ભાવથી એકલીન થઈને માળા કરવાથી, કર્મનિર્જરા થાય છે.
- માળા કરવાથી મન પ્રસન્ન રહે છે. પ્રભુ સાથે એકતા સર્જાય છે.
- સ્વાધ્યાય તપનો લાભ મળે છે.

## 5) આસન

**"જીવદયાની રક્ષા કાજે, ઉપકરણ છે આસન.**
**આ આસન પર બિરાજી, જયવંતુ રાખું જિનશાસન"**

- સામાયિકમાં બેસવા માટે જે આસનનો ઉપયોગ થાય છે તેને પાથરણું કહે છે.
- સામાન્ય રીતે તે ઊનનું બનેલું હોય છે. ઊન આપણા positive પરમાણુને જમીનમાં pass થવા દેતી નથી. સાધના-આરાધનાઓથી પ્રગટ થયેલી શુભ ઉર્જાઓ આપણી અંદર જ રહે છે.
- આસન પર કોઈ નાના જીવ આવી જાય તો તે સહેલાઈથી ઓળખીને દૂર કરી શકાય તે માટે પાથરણું સફેદ કે light colourનું હોય છે.

## 6) ધાર્મિક પુસ્તક

**"પ્રભુની અગાધ કરુણા, વરસે છે આગમમાં**
**પ્રભુના તે જ્ઞાનને, નિત્ય રાખીયે સ્મરણમાં"**

- આજે આપણું પુણ્ય એટલું પ્રબળ નથી કે આપણે સ્વયં પરમાત્માના દર્શન કરી શકીએ પરંતુ આપણે એટલા પુણ્યવાન છીએ કે પરમાત્માના અક્ષરદેહના દર્શન કરી શકીએ છીએ.
- ધાર્મિક પુસ્તકો, ગ્રંથો, આગમો, આપણને સત્યની સમજ આપે છે. સત્યનું દર્શન કરાવે છે.
- આપણે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ, આપણા આત્માનું હિત શેમાં સમાયેલું છે તે દરેકની સમજણ આપણને આ પુસ્તકો દ્વારા મળી શકે છે.
- જેમ એક પિતા બાળકને ઉજળા ભવિષ્ય માટે માર્ગદર્શન આપે તેવી રીતે આપણા પરમ પિતા પરમાત્માએ તેમના બાળકોના એટલે કે આપણા આત્મહિત માટે જે માર્ગદર્શન આપ્યું તે આ પુસ્તકો દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.
- દુનિયાનો અને આપણો કોઈ એવો પ્રશ્ન કે problem નથી જેનું માર્ગદર્શન આપણને આપણા આગમોમાંથી ન મળી શકે. દરેકનું સમાધાન આપણા ધર્મગ્રંથમાં, આગમોમાં સમાયેલું છે.

## 7) ઠવણી

**"જ્ઞાનનો આદર કરવાનું છે, સાધન આ ઉપકરણ**
**અક્ષરદેહ રૂપી પ્રભુને મળવાનું, સાથી છે આ ઉપકરણ"**

- પુસ્તકને રાખવાના સાધનને ઠવણી કહે છે
- સામાન્ય રીતે તે લાકડાની હોય છે.
- પુસ્તક ફાટે નહીં, બગડે નહીં માટે ઠવણી રાખવામાં આવે છે.
- વાંચતા-વાંચતા આપણાથી પગ અડી ન જાય, અશાતના ન થાય, જ્ઞાનના સાધનોનો આદર થાય માટે ઠવણી પર પુસ્તક રાખવામાં આવે છે

## (પ્રશ્નોત્તર)

**પ્રશ્ન-1: ગુચ્છો અને રજોહરણ શેમાંથી બનાવવામાં આવે છે ?**

**જવાબ:** ગુચ્છો અને રજોહરણ મુલાયમ એવા ઊનથી બનાવવામાં આવે છે.

**પ્રશ્ન-2: મુહપત્તીનું માપ શું છે ? તે શા માટે પહેરવામાં આવે છે ?**

**જવાબ:** મુહપત્તી 21 આંગળી લાંબી, 16 આંગળી પહોળી, 8 પડવાળી હોય છે. વાયુકાયના જીવોની હિંસા ન થાય તે માટે મુહપત્તી પહેરવામાં આવે છે.

**પ્રશ્ન-3: શ્વેત રંગ શેનું પ્રતિક છે ?**

**જવાબ:** શ્વેત રંગ શાંતિનું પ્રતિક છે.

**પ્રશ્ન-4: આસન માટે કયું કાવ્ય કહેવામાં આવ્યું છે ?**

**જવાબ:** જીવદયાની રક્ષા કાજે ઉપકરણ છે આસન, આ આસન પર બિરાજી જયવંતુ રાખું જિનશાસન.

**પ્રશ્ન-5: ઠવણી એટલે શું ? તે શા માટે રાખવામાં આવે છે ?**

**જવાબ:** પુસ્તકને રાખવાના સાધનને ઠવણી કહે છે. પુસ્તક ફાટે નહિ, બગડે નહિ તે માટે ઠવણી રાખવામાં આવે છે. વાંચતા-વાંચતા આપણાથી પગ અડી ન જાય, અશાતના ન થાય, જ્ઞાનના સાધનોનો આદર થાય તે માટે ઠવણી પર પુસ્તક રાખવામાં આવે છે.

# વિભાગ - 3

# ધર્મ અને વિજ્ઞાન

## Science and Religion

**<u>જૈન ધર્મની એક ખૂબી છે</u>**, ખાસિયત છે, speciality છે. તે એ છે કે આ ધર્મ પૂર્ણપણે વિજ્ઞાન આધારિત (Science based) છે. ચાલો જાણીએ જૈન ધર્મની એવી વાતો જે આજે દરેક doctors અને scientists માને છે, પરંતુ આપણા પરમ તીર્થંકર પરમાત્મા મહાવીર તો એ સર્વ વાતો આજથી લગભગ 2600 વર્ષ પહેલાં જ કહી ગયાં છે.

**Fact 1: Religion says**: વનસ્પતિમાં પણ જીવ છે. Plants have lives too.

**Science says:** આજથી લગભગ 121yrs પહેલાં ભારતીય scientists જગદીશચંદ્ર બોઝે શોધી કાઢ્યું કે even plants have life. વનસ્પતિમાં પણ જીવન છે. તેઓ શ્વાસ પણ લે અને આહાર પણ કરે છે.

**Fact 2: Religion says:** સૂર્યાસ્ત means sunset પછી ભોજન - dinner કરવું તે બહુ uncountable જીવોની વિરાધનાનું એટલે કે મૃત્યુનું કારણ છે. તેથી sunset પછી ભોજનનો ત્યાગ કરવાનું કહ્યું છે.

**Science says:** બીમારી કોઈપણ હોય, doctors એક સલાહ તો બધાને જ આપે છે, રાતના વહેલાં જમી લેવાની. જેથી foodને પાચન થવાનો time મળે. જેથી વજન વધે નહીં અને બીમારી પણ ન આવે.

**Fact 3: Religion says:** સૂર્યાસ્ત (sunset) પછી અને બીજા દિવસના સૂર્યોદય (sunrise) ના 48 minits સુધી, એટલે કે નવકારશીના સમય સુધી ભોજન ન વાપરવું.

**Science says:** આજે આપણે લગભગ દર બીજા, ત્રીજા વ્યક્તિ પાસે સાંભળીએ છીએ

એક શબ્દ, Intermittent fasting/ Intermittent diet.

Science કહે છે, રાતના ભોજન (dinner) અને સવારના નાસ્તા (breakfast) વચ્ચે ઓછામાં ઓછો 14 કલાકનો brek હોવો જોઈએ. આ સમય દરમિયાન કંઈપણ ખોરાક લેવો નહીં. જેથી ભોજનને digest થવા માટે જરૂરી સમય મળી રહે. Healthy life જીવવા માટે આજે ઘણા લોકો આ પ્રકારના fasting કરે છે. જેને આપણા પ્રભુ આજથી લગભગ 2600 વર્ષ પહેલાં જ રાત્રિ ભોજન ત્યાગ અને નવકારશી પચ્ચક્ખાણના રૂપમાં આ વાત કહી ગયાં છે.

**Fact 4: Religion says:** ધર્મ કહે છે પાણીમાં પણ જીવ છે, even water has lives too, infact, water itself is a life. તેથી પાણીને કાચું ન પીતાં ઉકાળીને (boil) જ પીવું જોઈએ. જેથી પાણીમાં હર સમયે થતી જીવોની ઉત્પત્તિ રોકી શકાય અને maximum livesને hurt કરતાં બચાવી શકાય.

**Science says:** Doctors પણ હવે પાણીને ઉકાળીને (boil) જ પીવાની સલાહ આપે છે જેથી પાણીમાં રહેલાં રોગના જીવાણું નાશ પામે. એમાં પણ કોરોનાની મહામારીના સમયે તો જાણે boiled water જ દવા બની ગયું હતું.

**Fact 5: Religion says:** આજથી લગભગ 2600 વર્ષ પહેલા જ્યારે પરમાત્મા સમવશરણમાં દેશના આપવા બેસતાં, ત્યારે તેઓ અર્ધમાગધી languageમાં દેશના આપતાં. પરંતુ સમવશરણમાં present રહેલાં મનુષ્યો, દેવી-દેવતાઓ, તિર્યંચો દરેકને એ દેશના પોતપોતાની languageમાં સમજાતી. એવો હતો પરમાત્માની વાણીનો અતિશય. meaning, parmatma's vaani had this miraculous quality.

**Science says:** આજે દેશની કોઈપણ assemblyમાં જ્યારે કોઈ એક નેતા પોતાની languageમાં speech આપતા હોય છે ત્યારે એ languageને ન સમજનારા બીજા નેતાઓને ફક્ત એક specialised head phone પહેરી લેવાથી તે speech તેને પોતાની languageમાં સમજાય છે. આ beautiful invention આપણને વિજ્ઞાને હમણાં આપી છે, પરંતુ આજથી લગભગ 2600 વર્ષ પહેલાં પણ એ વ્યવસ્થા હતી, જેમાં વગર head phone પણ દરેક જીવને પોતાની ભાષામાં પ્રભુની દેશના સમજાતી.

આ અને આવા અનેક facts એવાં છે જે આપણને તો હજારો વર્ષ પહેલાં જ આપણાં પ્રભુ પાસેથી મળી ગયાં છે

## (પ્રશ્નોત્તર)

**પ્રશ્ન-1:** રાત્રિભોજન ત્યાગથી લઈ નવકારશી વચ્ચેના fasting સમયને scienceમાં શું કહેવાય છે?

**જવાબ:** Intermittent fasting

**પ્રશ્ન-2:** વનસ્પતિમાં પણ જીવ છે, plants have lives too એ કયા scientist એ શોધી કાઢ્યું?

**જવાબ:** ભારતીય વૈજ્ઞાનિક શ્રી જગદીશચંદ્ર બોઝ

**પ્રશ્ન-3:** નવકારશી એટલે શું?

**જવાબ:** સૂર્યોદય પછી 48 minits પછી જ ભોજન વાપરવું એને નવકારશી કહેવાય છે.

**પ્રશ્ન-4:** પરમાત્માની દેશના દરેક જીવને પોતાની ભાષામાં સમજાય જાય. તેને શું કહેવાય?

**જવાબ:** પરમાત્માની વાણીનો અતિશય.

**પ્રશ્ન-5:** ધર્મ અને વિજ્ઞાનની તુલનાથી આપણને શું લાભ થાય?

**જવાબ:** આપણી ધર્મ પ્રત્યેની, ભગવાનની વાણી પ્રત્યેની શ્રદ્ધા દ્રઢ બને છે.
એકેન્દ્રીય જીવોના અસ્તિત્વ વિશે જાણવાથી આપણે વ્યર્થની જીવ હિંસાથી બચી શકીએ છીએ અને જૈન ધર્મ પ્રત્યે આપણો અહોભાવ, આદરભાવ વધી જાય છે.

> "વિજ્ઞાન કરતાં જૈન ધર્મની વિશિષ્ટતા જાણીને
> હું દેવ - ગુરુ - ધર્મની શ્રદ્ધાને દ્રઢ બનાવીશ."

# વિભાગ - 4

## કથા વિભાગ




## ચકલી નાની પ્રેરણા મોટી

એક દિવસ એક જંગલમાં અચાનક મોટી આગ લાગી ગઇ. ત્યાં રહેતાં પ્રાણીઓ તેને બુઝાવવા માટે પ્રયત્ન કરવા લાગ્યાં. પોત પોતાની ક્ષમતા પ્રમાણે હાથી પોતાની સૂંઢમાં પાણી ભરીને તો અન્ય પશુઓ પોતાના મોઢામાં પાણી ભરીને આગ ઉપર નાંખવા લાગ્યાં.

એક ચકલી ઝાડ પર બેઠી-બેઠી બધું જોતી હતી. તેને પણ આ પરમાર્થના કાર્યમાં મદદ કરવાના ભાવ થયાં. તે નાની-નાની પાંખો વડે ઉડીને તળાવના કાંઠે ગઇ અને પોતાની ચાંચમાં પાણી ભરી ભરીને આગ પર પાણી નાખવા લાગી.

કોઈપણ તકલીફમાં આપણે માત્ર જોતાં ન રહીએ, આપણી ક્ષમતા પ્રમાણે આપણે પણ તેમાં મદદરૂપ બનીએ.

એક કાગડો જે ઝાડ ઉપર બેસીને બધાંને આગ ઠારતાં જોઇ રહ્યો હતો, તેણે એ ચકલીને પણ જોઇ અને કહ્યું: 'અરે ચકલીબેન! ચકલીબેન! આ શું કરો છો? તમારી ચાંચમાં તો પાણીના બે ચાર ટીપાં માંડ સમાય, એનાથી આવડી મોટી આગને શું ફરક પડશે?' ચકલીબેને જવાબ આપ્યો 'મને ખબર છે. પણ ધ્યાનથી સાંભળો મારો જવાબ - જ્યારે પણ જંગલનો અને આ આગનો ઇતિહાસ લખાશે ત્યારે તે ઇતિહાસમાં મારું નામ આગ લગાડવાવાળામાં નહીં પણ આગ ઠારવાવાળામાં હશે. ચૂપચાપ પરિસ્થિતિને જોનારામાં નહીં પણ પોતાની શક્તિ પ્રમાણે સહાય કરનારામાં હશે.'

ચકલીનો આવો ઉત્તર સાંભળી પ્રશ્ન પૂછનાર કાગડો નિરુત્તર બની અત્યંત અહોભાવ પૂર્વક ચકલી સામે જોઇ રહ્યો.

જે સદાય પોતાનું વિચારે તે સ્વાર્થી હોય છે. પરંતુ જે બધાનું વિચારે તે પરમાર્થી હોય છે.

જો ચકલીએ માત્ર પોતાનું વિચાર્યું હોત કે મારાથી આ ન થઈ શકે, તો તે સ્વાર્થી કહેવાત. પરંતુ પોતાની ક્ષમતા પ્રમાણે એણે પોતાનો પુરુષાર્થ કર્યો. બધાનું વિચારીને મદદ કરી...

MORAL :

બાળકો ! આ નાનકડી વાર્તા અને નાનકડી ચકલી પાસેથી આપણે શું શીખવાનું છે ?

કોઇપણ સત્કાર્ય થતું હોય ત્યારે આપણે આપણા સામર્થ્ય પ્રમાણે એમાં સહાય કરવી જોઇએ.

જ્યારે આપણે કોઇપણ કાર્યમાં કોઇને પણ આપણી શક્તિ મુજબ નિઃસ્વાર્થભાવે help કરીએ છીએ ત્યારે તેની શુભ ભાવનાઓ અને આશીર્વાદ આપણને જીવનમાં આગળ વધવામાં, કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવામાં, સુખી રહેવામાં, પુણ્ય બાંધવામાં અને પાપનો ક્ષય કરવામાં સહાયક બને છે.

'મારાથી આ કાર્ય નહીં થાય' એવું વિચારીને ક્યારેય બેસી રહેવું નહીં..જો આપણે પુરુષાર્થ કરીએ તો દરેક કાર્ય કરી શકીએ છીએ.

## પ્રશ્નોત્તર

**પ્રશ્ન-1: નાનકડી ચકલી પાસેથી આપણે શું શીખવાનું છે ?**

**જવાબ:** કોઈ પણ સત્કાર્ય થતું હોય ત્યારે આપણે આપણા સામર્થ્ય પ્રમાણે એમાં સહાય કરવી જોઈએ.

**પ્રશ્ન-2: આપણે કોઈને નિઃસ્વાર્થ ભાવે help કરીએ તો આપણને શું લાભ થાય ?**

**જવાબ:** તેમની શુભ ભાવનાઓ અને આશીર્વાદ આપણને જીવનમાં આગળ વધવામાં અને કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવામાં સહાયક બને છે.

**પ્રશ્ન-3: સ્વાર્થી કોને કહેવાય અને પરમાર્થી કોને કહેવાય ?**

**જવાબ:** જે સદાય પોતાનું વિચારે તે સ્વાર્થી હોય છે. પરંતુ જે બધાનું વિચારે તે પરમાર્થી હોય છે.

# સંગમ ગોવાળ સુપાત્રદાનનો મહિમા

બાળકો! તમે કદી સુપાત્રદાન વહોરાવ્યું છે?

સુપાત્રદાન એટલે શું? તે તમે જાણો છો?

સુપાત્રદાન એટલે પંચમહાવ્રતધારી સંત-સતીજીઓને આહાર, પાણી, વસ્ત્ર વગેરે વહોરાવવું અને તે પણ ઉત્કૃષ્ટ ભાવપૂર્વક, સંપૂર્ણ શુદ્ધ અને નિર્દોષ તથા કોઇ પણ પ્રકારની આશા અને અપેક્ષા વિના, નિઃસ્વાર્થ ભાવે!

આવું સુપાત્રદાન કયા બાળકે વહોરાવ્યું જાણો છો? એ પણ એક તમારા જેવો જ બાળક હતો. એનું નામ સંગમ હતું. અત્યંત ગરીબ માતા-પિતાનું સંતાન. ધનથી ભલે ગરીબ હતો. રોજ રોટલા અને છાશ જમવાવાળો પણ દિલથી અત્યંત શ્રીમંત હતો.

એક દિવસ એ બાળકને ખીર ખાવાનું મન થઇ ગયું. માતા પાસે જીદ કરી "મા-મા મારે ખીર ખાવી છે." અત્યંત ગરીબ પારકા કામ કરી જેમ-તેમ પોતાનું ગુજરાન ચલાવતી માતા મોંઘું દૂધ અને મોંઘી સાકર કઈ રીતે લાવીને પોતાના બાળકની જીદને પૂરી કરી શકે?

બાળકો, આપણે જ્યારે આપણાથી દુઃખી લોકોને જોઈએ ત્યારે સમજાય કે, પરમાત્માએ આપણને ઘણું બધું આપ્યું છે. આપણને જે પણ મળ્યું છે તેના માટે આપણે દરરોજ પરમાત્માને THANK YOU કહેવું જોઈએ.

અહિંયા બાળકની જીદ પાસે માનું મમત્વ હારી ગયું. માતા આજુબાજુના ઘરમાંથી દૂધ અને સાકર માંગી લાવી અને પોતાના વ્હાલસોયા બાળક માટે ખીર બનાવી આપી.

આપણા માતા-પિતાના આપણા ઉપર અનંત ઉપકાર હોય છે. તે પોતાના બાળકને હંમેશા ખુશ રાખવાનો પ્રયત્ન કરતા હોય છે. આપણે પણ ક્યારેય આપણા માતા-પિતાને દુઃખી ન કરવા જોઈએ.

માતાએ ગરમ-ગરમ ખીર થાળીમાં ઠંડી કરવા મૂકી અને સંગમને કહ્યું, "ખીર ઠંડી થાય એટલે ખાઇ લેજે." એમ કહી પોતે અન્ય ઘરોના કામ કરવા માટે નીકળી ગયા.

બાળક તો થાળી પાસે બેઠો અને ખીર ઠંડી થવાની રાહ જોવા લાગ્યો. આજે તો બહુ દિવસો પછી મનપસંદ ભોજન મળ્યું છે. તેમ વિચારી મનમાં ખૂબ ખુશ થતો હતો. ખીર ઠંડી થવાની ઉત્સુકતાપૂર્વક રાહ જોઇ રહ્યો હતો. બરાબર એ જ સમયે એક તપસ્વી મુનિરાજ ફરતાં-ફરતાં સંગમની ઝૂંપડીમાં આવી પહોંચ્યા.

સંગમ ખૂબ ગરીબ હતો માટે તેની પાસે સાધુ- સંતોને વહોરાવવા માટે કંઈ હોય નહીં. પરંતુ આજે એની પાસે વહોરાવવા માટે ખીર હતી. જે તેને પણ અત્યંત પ્રિય હતી. બાળકો, તમને મનગમતી વસ્તુ ઘણા સમય પછી મળે અને તમારી પાસે કોઈ ઊભું હોય તો તમે શું કરો? અહિંયા સંગમે શું કર્યું હશે?

સંગમ ગરીબ બાળક હતો પણ સંસ્કારથી સમૃદ્ધ હતો. મુનિરાજને આવતા જોઇ અત્યંત હર્ષિત થયો અને ગુરુરાજને વહોરાવવા માટે તત્પર થઇ ગયો. તે અંતરથી એટલો ખુશ હતો કે આજે હું મુનિરાજને મારા હાથે કંઈક અર્પણ કરી શકીશ. સંગમ બાળક હતો એટલે તેને બાળક બુદ્ધિથી વિચાર્યું કે આ ખીરના બે ભાગ કરી લઇશ. એક ભાગ મુનિરાજને વહોરાવીશ ને એક ભાગ હું ખાઇશ. એમ વિચારી એણે થાળીની ખીરમાં આંગળીથી વચ્ચે એક line દોરી. "અડધી ખીર હું ખાઇશ અને અડધી ખીર હું મુનિરાજને વહોરાવીશ." નાનું ભોળું બાળક કયાંથી સમજે કે ખીર તો liquid છે. એના આ રીતે ભાગ ન કરાય. ખીર વહોરાવવા થાળી ઝૂકાવી તો બધી જ ખીર પાત્રામાં વહોરાઇ ગઇ. મુનિરાજ તો નીકળી ગયાં.



હવે સંગમ શું કરશે? લાંબા સમય પછી મળેલી, જેના માટે બહુ મન થયું હતું એવી ખીર પોતાને ખાવા ન મળી અને વહોરાવાઇ ગઇ એનું દુઃખ કરશે કે બધી ખીર વહોરાવાઇ ગઇ એનો આનંદ મનાવશે?

બાળકો! તમે સંગમની જગ્યાએ હોત તો શું કરત? સંગમ તો મનમાં ખૂબ ખુશ થયો. એને જરાપણ દુઃખ નથી. તેને એ વાતનો આનંદ હતો કે આજે મારા ઘરે મુનિરાજ પધાર્યા. આજે મને તેમના જેવા મહાન સંતને કંઈક અર્પણ કરવાનો chance મળ્યો. એ ખુશીમાં તેણે થાળીમાં ચોંટેલી ખીર ખાઇ લીધી, પણ એના કરતાં પણ વધારે એને મુનિરાજને વહોરાવવાનો અત્યંત સંતોષ અને અત્યંત ખુશી હતી.

બાળકો ! સંગમને આ કરણીનું, સુપાત્રદાનનું શું ફળ મળ્યું? જાણવું છે?

એ જ સંગમ ગોવાળીયાનો પછીના જન્મમાં અનન્ય સુખ - સાહ્યબીવાળા ઘરમાં શાલીભદ્ર રૂપે જન્મ થયો. તેના દેવ બનેલા પિતા સંસારની દરેક ઉચ્ચત્તમ કોટીની ભોગ સામગ્રીની 99 પેટી રોજ દેવલોકમાંથી મોકલાવતા હતાં. જેને ગત જન્મમાં

એક વાર પણ ખીર ખાવા ન મળી, તેને આ ભવમાં ભોજનમાં રોજ 32 જાતના પકવાન ખાવા મળવા લાગ્યા. એક સુપાત્રદાનના કારણે આટલી સમૃદ્ધિ હોવા છતાં તેને પ્રભુના માર્ગે જવાનું મન થયું અને બધું છોડીને તેણે સંયમનો સ્વીકાર કર્યો.

MORAL:

- **બાળકો!** જ્યારે પણ આપણા ઘરે કોઈ પંચમહાવ્રતધારી સાધુ-સંત ગૌચરી માટે પધારે ત્યારે પૂરા અહોભાવથી તેમને ગૌચરી વહોરાવવી.
- કોઈ પણ સાધુ-સંતોને ગૌચરીના ઘરોની ખબર ન હોય તો ગૌચરી માટે ઘર બતાવવા જવું.
- કોઈ પણ દાન ત્યાગના ભાવ વગર કરી શકાતું નથી. આપણે જ્યારે પણ દાન આપીએ ત્યારે આપણો પરિગ્રહ છુટે છે અને ત્યાગ ભાવના દ્રઢ થવાથી વૈરાગ્ય પણ દ્રઢ બને છે.
- આપણા માતા-પિતાના આપણા પર અનંત ઉપકાર હોય છે એટલે માતા-પિતાનો ક્યારેય અવિનય ન કરવો.
- ક્યારેય કોઈ પણ ફળની આશાથી દાન ન કરવું જોઈએ. નિઃસ્વાર્થ ભાવે દાન કરવું જોઈએ.
- આપણે કદાચ પૈસાથી ગરીબ હોઈ શકીએ પરંતુ મનથી હંમેશા શ્રીમંત અને સમૃદ્ધ રહી શકાય છે.

## પ્રશ્નોત્તર

**પ્રશ્ન-1: આપણે જયારે દાન આપીએ છીએ ત્યારે આપણને શું લાભ થાય છે?**

**જવાબ:** આપણો પરિગ્રહ છૂટે છે અને ત્યાગ ભાવના દ્રઢ થવાથી વૈરાગ્ય પણ દ્રઢ બને છે.

**પ્રશ્ન-2: આપણે મનથી કેવું રહેવું જોઈએ?**

**જવાબ:** મનથી હંમેશા શ્રીમંત અને સમૃદ્ધ રહેવું જોઈએ.

**પ્રશ્ન-૩: સુપાત્રદાન કોને કહેવાય?**

**જવાબ:** આપણા ઘરે કોઈ પંચમહાવ્રતધારી સાધુ-સંત ગૌચરી માટે પધારે, ત્યારે તેમને આહાર, પાણી, વસ્ત્ર વગેરે વહોરાવવું તે સુપાત્રદાન કહેવાય.

# અતિમુક્ત કુમાર નાની ઉમરના જ્ઞાની

બાળકો! પોલાસપુર નામના નગરમાં અતિમુક્ત કુમાર તમારા જેવા જ એક બાળક હતાં. રાજાના રાજકુમાર હતાં. એક દિવસ મિત્રો સાથે બહાર રમતાં હતાં. એ સમયે તેઓએ ગૌતમ સ્વામીને ત્યાંથી પસાર થતાં જોયા. અતિમુક્ત કુમારની દૃષ્ટિ ગૌતમ સ્વામી પર પડી. ગત જન્મના ઋણાનુબંધના નિમિત્તથી તે તેમના તરફ આકર્ષિત થયાં અને રમવાનું છોડી ગૌતમ સ્વામી પાસે આવ્યાં અને પૂછવા લાગ્યા કે, "હે મહાત્મન્! આપ કોણ છો, અને કઇ તરફ જઇ રહ્યાં છો?"

પ્રભુના પંથ પર ચાલનારા આત્માનો પ્રભાવ જ એવો હોય છે કે દરેક તેના પ્રત્યે આકર્ષિત થતા હોય છે.

ગૌતમ સ્વામીએ કહ્યું, " હે દેવાનુપ્રિય! હું જૈન સાધુ છું અને મારા માટે ભિક્ષા લેવા જાવ છું."

અતિમુક્ત કુમારે કહ્યું- "ચાલો, હું મારા ઘરે આપને ભિક્ષા અર્થે લઇ જાવ છું." એમ કહી અતિમુક્ત કુમારે ગૌતમ સ્વામીની આંગળી પકડી અને પોતાના રાજમહેલમાં તેમને ગૌચરી અર્થે લઇ ગયાં.

અતિમુક્ત કુમારની માતા ગણધર ગૌતમ સ્વામીને ગૌચરી અર્થે પોતાના ઘરે પધારતા જોઇને ખૂબ જ હર્ષિત થયા અને ભાવપૂર્વક ગૌચરી વહોરાવી. ત્યાર બાદ ગૌતમ સ્વામીને અતિમુક્ત કુમારે પૂછયું "આપનું ઘર કયાં છે?" ગૌતમ સ્વામીએ કહ્યું "મારા ધર્મગુરુ ભગવાન મહાવીર સ્વામી નગરની બહાર ઉદ્યાનમાં બિરાજે છે. હું ત્યાં એમની સાથે રહું છું." અતિમુક્ત કુમારે કહ્યું, "હું તમારી સાથે આવું?" ગૌતમ સ્વામી તેમને પોતાની સાથે ભગવાન પાસે લઇ ગયાં.

અતિમુક્તકુમારે ભગવાન પાસે જઇને વંદન કર્યા અને પ્રભુનો ઉપદેશ સાંભળ્યો. જે આત્મામાં વિનય ગુણ હોય તેને વંદન કરવા માટે ક્યારેય કહેવું ના પડે.

પ્રભુનો ઉપદેશ સાંભળીને એ બાળકને પણ દીક્ષા લેવાનું મન થઇ ગયું. તેણે ભગવાનને કહ્યું "હે પ્રભુ! મારે પણ દીક્ષા લેવી છે, મારે પણ તમારી સાથે જ રહેવું છે." ભગવાને તે બાળકની યોગ્યતા જાણી લીધી. બાળકને કહ્યું કે-"તું તારા મમ્મી-પપ્પાને પૂછીને આવજે."

અતિમુક્ત કુમાર રાજમહેલમાં પાછા આવ્યા અને તેના મમ્મી-પપ્પાને કહ્યું, "મારે દીક્ષા લેવી છે.

મારે ભગવાનની સાથે જ રહેવું છે.'' બાળકો આપણે પણ ઘણાં સંત-સતીજીના દર્શન કરતાં હોઇએ પરંતુ આપણને ક્યારે દીક્ષા લેવાનું મન થાય છે? દીક્ષા લેવાનું મન એનેજ થાય જેના અંતરમાં ભવોભવથી સંયમના સંસ્કારો પડેલાં હોય.

પોતાના વ્હાલસોયા બાળકના મુખેથી દીક્ષાની વાત સાંભળીને માતા-પિતા આશ્ચર્યચકિત થઇ ગયા. જે બાળકને દીક્ષા શું છે, તે પણ ખબર નથી. તે દીક્ષા કેવી રીતે લેશે. માતા-પિતાએ પુત્રના મોહથી દીક્ષા ન લેવા માટે બાળકને ખૂબ સમજાવ્યો પણ અતિમુક્તકુમારનો વૈરાગ્યભાવ દઢ હતો, તેથી તેણે માતા-પિતાની વાતનો સ્વીકાર કર્યો નહીં. તેણે માતા-પિતાને કહ્યું, ''હે માતા-પિતા! તમે મને બાળક સમજો છો. પણ હું જે જાણું છું તે જાણતો નથી અને નથી જાણતો, તે જાણું છું''

નાના બાળકના મોઢે આવી મોટી વાતો સાંભળી માતા-પિતાને નવાઇ લાગી, અતિમુક્તકુમારે માતા-પિતાને સમજાવ્યું કે, "હું જાણું છું કે જેનો જન્મ થયો છે. તેનું મૃત્યુ અવશ્ય થવાનું જ છે. મૃત્યુ થવાનું છે તે ચોક્કસ છે પણ મૃત્યુ કયારે આવશે તે મને ખબર નથી. હું નથી જાણતો કે જીવ કયા કારણથી નારકી, તિર્યંચ, મનુષ્ય કે દેવગતિમાં જાય છે, પરંતુ હું ચોક્કસ જાણું છું કે જીવ પોતાના કર્મ પ્રમાણે જ ચાર ગતિમાંથી કોઇ પણ ગતિમાં ઉત્પન્ન થાય છે.''

ભવોભવ આપણી સાથે આવી શકે તે છે જ્ઞાન.

આ ભવભ્રમણથી આપણને છોડાવી શકે તે છે સમ્યક્ જ્ઞાન.

અતિમુક્ત કુમારે દીક્ષા લેવાની ઈચ્છા પ્રગટ કરી

બાળકો! આટલી નાની ઉમરમાં આટલું જ્ઞાન, તે પૂર્વ ભવનું સાથે આવેલું હોય છે.

પુત્રની આવી વાતો સાંભળીને માતા-પિતાને પોતાના બાળકનો વૈરાગ્યભાવ સમજાઇ ગયો તેથી તેમણે દીક્ષાની આજ્ઞા આપી .

અતિમુક્ત કુમારે ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી. વડીલ સંતોની સાથે સંયમનું પાલન કરવા લાગ્યા.

પાણીમાં પાત્રની નાવ

એકવાર ચોમાસામાં બાળમુનિ સ્થવિર મુનિઓ સાથે શરીરના કામ માટે બહાર ગયાં હતાં. ત્યારે તેમણે નાનકડું પાણીનું વહેતું ઝરણું જોયું. બાળ સહજ ચેષ્ટાથી તેમણે માટીની પાળ બાંધી, પાણીને વહેતું રોકયું અને તેમાં પોતાનું પાત્રુ તરતુ મૂકીને "આ મારી નાવ તરે. આ મારી નાવડી તરે.'' એમ બોલવા લાગ્યાં.

વડીલ સંતોએ બાળ મુનિને જોયા અને તેમને સમજાવ્યું કે આપણે આવું ન કરાય, આપે પાણીના જીવોની હિંસા કરી છે, વિરાધના કરી છે.

પ્રભુ મહાવીર પાસે આવીને બાળ મુનિએ અંતરના પશ્ચાતાપથી

પોતાના ભૂલની ક્ષમા માંગી અને આલોચના કરી. અતિમુક્ત અણગારે ત્યાર બાદ 11 અંગ સૂત્રોનું (શાસ્ત્રોનું) અધ્યયન કર્યું અનેક પ્રકારના તપ કર્યા અને સર્વે કર્મોને ખપાવી મોક્ષમાં ગયાં.

MORAL :

બાળકો ! અતિમુક્ત કુમાર આટલી નાની ઉમરમાં સંયમ અંગીકાર કરી આટલું બધું કરી શકે તો તમે પણ કરી શકો ને ? કદાચ સંયમ ન લઇ શકો, પણ શકય એટલી ધર્મ આરાધના તો કરી શકો ને ?

ક્યારેય કોઇને ઉંમરમાં નાના સમજીને તેની અવગણના ન કરવી જોઇએ. ઉંમરમાં નાના હોય તે જ્ઞાનમાં આપણાથી વધારે પણ હોય શકે છે.

જેની સાથે આપણું ઋણાનુબંધ હોય તે આપણને સત્ય માર્ગ તરફ લઈ જાય છે. ઋણાનુબંધ વાળા પરમ તત્ત્વના શરણમાં રહેવાથી આત્માનો મોક્ષ જલ્દી થાય છે.

## પ્રશ્નોત્તર

**પ્રશ્ન-1: જેની સાથે આપણું ઋણાનુબંધ હોય તે શું કરે ?**

**જવાબ:** જેની સાથે આપણું ઋણાનુબંધ હોય તે આપણને સત્યના માર્ગ તરફ લઇ જાય છે.

**પ્રશ્ન-2: આત્માનો મોક્ષ જલ્દી કેવી રીતે થઇ શકે ?**

**જવાબ:** ઋણાનુબંધવાળા પરમ તત્ત્વના શરણમાં રહેવાથી આત્માનો મોક્ષ જલ્દી થાય છે.

**પ્રશ્ન-3: દીક્ષા લેવાનું મન કોને થાય ?**

**જવાબ:** દીક્ષા લેવાનું મન એને જ થાય જેના અંતરમાં ભવોભવથી સંયમના સંસ્કારો પડેલા હોય.

**પ્રશ્ન-4: ભવોભવ આપણી સાથે શું આવી શકે છે ?**

**જવાબ:** ભવોભવ આપણી સાથે જ્ઞાન આવી શકે છે.

# બાળ વર્ધમાનની નિર્ભયતા

એકવાર દેવોની સભા ભરાય છે. તેમાં ઈંદ્ર મહારાજા શક્રેન્દ્ર બાળ વર્ધમાન, વર્ધમાન કુમારના ગુણોની પ્રશંસા કરે છે. એક દેવને આ વાત ગમી નહીં. તે આ પ્રશંસા સાંભળી શકયા નહીં અને પોતે વર્ધમાન કુમારની કસોટી કરશે એવો નિર્ણય કર્યો.

બાળકો, આ દેવનો સ્વભાવ કેવો છે? અન્યના ગુણોની પ્રશંસા સાંભળી શકે નહીં, માની પણ શકે નહીં, મનમાં શંકા કરે આવું તે હોય? સ્વયં ઈંદ્ર મહારાજ કહે છે તો પણ એની વાત સ્વીકારી નહીં અને પોતાની રીતે પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો.

આ બહુ મોટો દોષ છે. અવગુણ છે, મનમાં રહેલા અહંકાર, ઈર્ષ્યા ભાવ અને દોષદ્રષ્ટિ આવા વિચારો આપે છે જે સ્વયંને ખૂબ નુકશાન કરનારા છે, મહાપુરુષોના ગુણોની અનુમોદના કરવી, દિલથી પ્રશંસા કરવી અને ખૂબ આનંદથી તેમના ગુણોને વધાવવા. જે આપણા માટે પણ ગુણ પ્રાપ્તિની દિશા ખોલી નાંખે છે.

એક જાણવા જેવી વાત છે. દેવો ઈચ્છા કરે તેવું રૂપ ધારણ કરી શકે છે. ઈચ્છે તે જગ્યાએ જઈ શકે છે. એટલે આ દેવ પહોંચી જાય છે, તે ઉદ્યાનમાં (garden) જ્યાં વર્ધમાન કુમાર અને તેમના મિત્રો રમી રહ્યા છે. દેવ સર્પનું રૂપ ધારણ કરીને આવે છે. સર્પને જોતાં જ બધાંના હોશકોશ ઉડી ગયા. ડરીને બધાં બાળકો ભાગી ગયા. આપણે પણ અચાનક સર્પને જોઈએ તો શું થાય? શું કરીએ? ડર લાગે ને? લોકોને જાત-જાતના ભય હોય છે. કોઈને ઊંચાઈનો ડર લાગે છે તો કોઈને પાણીનો ડર લાગે છે, નાના બાળકો અંધારાથી ડરે છે, અજાણી વ્યક્તિથી ડરે છે. પરીક્ષાનો પણ ડર લાગે છે ને? અરે! ઘરમાં નાનકડો ઊંદર કે વાંદો નીકળે તો પણ બધાં ચીસો પાડવા લાગે ને? આમથી તેમ કુદકા મારવા લાગે ને?

તો શું સર્પને જોઈને વર્ધમાન કુમાર ડરી જશે? ના! વર્ધમાન કુમાર તો નીડર છે, નિર્ભય છે, બાળ વર્ધમાન જરા પણ ડરતાં નથી. શાંતિથી સર્પને ઉપાડે છે અને દૂર એક ઝાડ પાસે મૂકી આવે છે. આ જોઈને બધાં બાળકો પાછા આવી ગયા અને રમવા લાગ્યા.

દેવે એક બાળકનું રૂપ લીધું અને બધાં સાથે રમવા લાગ્યા. આ રમતમાં શરત એવી હતી કે, જે હારે તેની ઉપર જે જીતે તેને બેસવાનું. દેવ જાણી જોઈને હારી જાય છે અને વર્ધમાનને પોતાની પીઠ ઉપર બેસવાનું કહે છે. વર્ધમાન જેવા બેઠાં એટલે દેવે પર્વત જેવા મોટા, વિશાળ-કાય, ભયંકર રાક્ષસનું રૂપ લીધું. વર્ધમાનને પોતાના ખભા પર બેસાડી અટ્ટહાસ્ય કરવા

લાગ્યો. આવા ભયંકર રાક્ષસને જોતાં જ ડર લાગે. જ્યારે અહિંયા તો બાળ વર્ધમાન રાક્ષસને ખભે બેઠાં છે. પણ, વર્ધમાન એકદમ શાંત છે, સ્થિર છે, ડરનું તો નામો-નિશાન નથી. મીઠું-મીઠું હસી રહ્યાં છે.

નિર્ભય વર્ધમાન કુમારે જોરથી રાક્ષસ પર મુષ્ટી પ્રહાર કર્યો. એમના શક્તિ ભર્યા પ્રહારથી દેવનું રૂપ નાનું થઈ જાય છે. પોતાના મૂળ સ્વરૂપમાં આવી વર્ધમાન કુમાર ને પ્રણામ કરી ક્ષમા માંગે છે.

બાળ વર્ધમાનની આવી વીરતા અને નીડરતા જોઈને ઈંદ્ર રાજા એમને **'મહાવીર'** નામ આપે છે.

આપણા પરમાત્મા મહાવીરની બાળપણની આ ઘટના પરથી આપણે શું શીખીશું ?

નિર્ભયતા અને નીડરતા એ એક કેળવવા જેવો ગુણ છે.

MORAL :

**બાળકો ! સામાન્ય રીતે ડર માનસિક હોય છે. ડરને લીધે બધી શક્તિઓ નષ્ટ થઈ જાય છે. ક્ષીણ થઈ જાય છે. બુદ્ધિ કામ કરતી નથી. પોતાનામાં વિશ્વાસ રાખી, દેવ-ગુરુ-ધર્મ પર શ્રદ્ધા રાખવી અને ભય મુક્ત બનવું.**

**બાળકો ! આપણા ભગવાનની જેમ તમે પણ નિર્ભય બનશો ને !**

## પ્રશ્નોત્તર

**પ્રશ્ન-1: ડરને લીધે શું થાય ?**

**જવાબ:** બધી શક્તિઓ નષ્ટ થઇ જાય છે, ક્ષીણ થઇ જાય છે. બુદ્ધિ કામ કરતી નથી.

**પ્રશ્ન-2: આપણે કોની જેમ નિર્ભય બનવાનું છે ?**

**જવાબ:** આપણે ભગવાન મહાવીરની જેમ નિર્ભય બનવાનું છે.

**પ્રશ્ન-3: વર્ધમાનકુમારના ગુણોની પ્રશંસા કોણ કરતાં હતા ?**

**જવાબ:** વર્ધમાનકુમારના ગુણોની પ્રશંસા ઇન્દ્ર મહારાજા શક્રેન્દ્ર કરતાં હતા.

# વિભાગ - 5

## કાવ્ય વિભાગ

### પુણ્ય અર્જન

રાગ : લકડી કી કાઠી

કરવા જેવું કામ છે, કરવામાં આસાન છે
દાન એનું નામ છે, કરો કરો બાળકો પુણ્યનું એ કામ છે. ...કરવા...
ભૂખ્યાને ભોજન આપીશું, તરસ્યાને પાણી પાઈશું
ભોજન પાણી આપી, શાતા ઉપજાવશું... ઝટપટ (૪) ...કરવા...
ચકલીને ચોખા નાંખીશું, ગાયને ગોળ ખવડાવીશું
કીડીઓના દર પૂરી, પુણ્ય કમાવીશું... ઝટપટ (૪) ...કરવા...
પાઠશાળા અમે જઇશું, સારું સારું શીખીશું
જ્ઞાન ભણીને અમે, ગુણવાન બનીશું... ઝટપટ( ૪) ...કરવા...
તનથી સેવા કરીશું, મનથી દુઆ આપીશું
વચનથી અમે કદી ના કરીશું... ખટપટ (૪) ...કરવા...
સંતદર્શન કરીશું, ગૌચરી વહોરાવીશું...
નમન તેમને કરીને પુણ્ય કમાવીશું... ઝટપટ (૪) ...કરવા..

**MORAL**

બાળકો ! દુનિયાનો નિયમ છે કે, જેવું આપીએ તેવું મળે. ભોજન આપીએ તો ભોજન મળે અને પાણી આપીએ તો પાણી મળે. તન, મનથી સેવા કરીએ, સારા ભાવો કરીએ તો તનના અને મનના સુખો મળે. સંતોને શાતા ઉપજાવીએ તો પુણ્ય બંધાય અને ધર્મ ભણીએ તો જ્ઞાન મળે. માટે આવા બધાં કાર્યો અવશ્ય કરવા જોઇએ. બાળકો ! બહુ સહેલા છે આ બધાં કાર્યો. અભ્યાસ અને રમતમાંથી સમય કાઢી જરૂર-જરૂર આવા કાર્યો કરતાં રહેજો.

# વિવેકપૂર્વકનું વર્તન

રાગઃ- ટીમ ટીમ કરતે તારે...

સવારે વહેલા ઉઠીશું, નવકાર ગણીશું,
જય જિનેન્દ્ર બોલીને, નમન સહુને કરીશું... સવારે...

જતના અમે રાખીશું, દયા અમે પાળીશું
સ્વાર્થ અમે છોડીને, પરોપકારી બનીશું... સવારે...

કામ પોતાના કરીશું, મમ્મીને તકલીફ ના આપીશું,
ભૂલ અમારી થઈ જશે તો, sorry અમે કહીશું... સવારે...

દાદાના પગ દાબીશું, દાદીને help કરીશું,
પપ્પા કંઈ કહેશે તે, સૂચન માથે ચડાવીશું... સવારે...

ઉપાશ્રયમાં જઇશું, સંતોના દર્શન કરીશું,
તિક્ખુત્તોના પાઠથી, વંદના અમે કરીશું... સવારે...

ગૌચરીના ઘર બતાવીશું, વૈયાવચ્ચ કરીશું,
નાના નાના નિયમો, ધારણ અમે કરીશું... સવારે...

**MORAL**

બાળકો! સંતોને તથા વડીલોને સુખ ઉપજાવવાથી, તેમનું ધ્યાન રાખવાથી આપણા પુણ્ય બંધાય છે. તેઓ આપણા માટે કેટલું બધું કરતાં હોય છે. આપણો સાચો ધર્મ એ જ છે- તેમના ઉપકારોને યાદ રાખીને હંમેશાં તેમનો વિનય કરવો. વિનયથી વિદ્યા વધે છે, વિનય ધર્મનું મૂળ છે.

# વીરનો વારસદાર છું

**રાગઃ- નન્હા મુના રાહી હું**

વીરનો વારસદાર છું, સંયમ લેવા તૈયાર છું..
માનવભવનો સાર... સંયમ..સંયમ..સંયમ..
સંયમ..સંયમ..

સંયમ લઇ ને વીર પ્રભુએ, કર્મ સર્વ દૂર કર્યા..
કોઈ પણ મુશ્કેલી આવી, મારા પ્રભુજી ના ડર્યા..
હું પણ પ્રભુ વીરના, પગલે ચાલું..
કોઈપણ મુશ્કેલીઓમાં, હું ના હારું..
જિનશાસનની શાન, સંયમ છે જગમાં મહાન..
વીરનો વારસદાર છું.....

બહારની આ દુનિયાને, તો સૌ કોઈ જાણે..
જે પોતાને જાણે, તે મહાવીર કહેવાયે..
હું પણ.. પોતાને.. હવે મળવા માંગું..
શાશ્વત.. મારા ઘરમાં.. હું જવા માંગું..
જિનશાસનની શાન, સંયમ છે જગમાં મહાન..
વીરનો વારસદાર છું.....

સર્વ જીવોમાં મિત્રતા કરવા, ચાલ્યો હું આજે..
સર્વ જીવોને પ્રેમ કરવા, ચાલ્યો હું આજે..
મારા પ્રભુ જેવું બનવું મારે.
મારા ગુરુ જેવું બનવું મારે..
જિનશાસનની શાન.. સંયમ છે જગમાં મહાન..
વીરનો વારસદાર છું..

દેવોને પણ દુર્લભ એવું ઉપકરણ મળજો..
પળેપળ જતના શીખવે, તે રજોહરણ મળજો..
પ્રભુનો આ વેશ, મને ભવોભવ મળે..
સત્યને પામી, આતમ મારો તરે..
જિનશાસનની શાન, સંયમ છે જગમાં મહાન..
વીરનો વારસદાર છું....

MORAL

બાળકો ! આપણા પરમ પિતા કોણ ? જાણો છો ને ?

ભગવાન મહાવીરના આપણે સંતાનો... જેવું ભગવાન મહાવીરે - આપણા પરમ પિતાએ કર્યું એવું આપણે પણ કરવું જેઈએ ને ? તોજ આપણે ભગવાનના સાચા વારસદાર બનીશું...

આપણે પણ સંયમ ધારણ કરીશું, વિશ્વના સર્વ જીવો સાથે મૈત્રી રાખીશું,
કોઈ પણ મુશ્કેલી આવશે તો ના ડરીશું, માનવ ભવને સાર્થક બનાવીશું.



# મોક્ષમાં વિચરવું છે

પ્રભુના વચનો જાણી મારે, પ્રભુ જેવું બનવું છે.
આતમ ગુણ પ્રગટાવી મારે, મોક્ષમાં વિચરવું છે..

અરિહંત પ્રભુ છે અમને પ્યારા, રાગદ્વેષને જીતનારા.
તેમના પગલે ચાલી મારે, મોહનું મૃત્યુ કરવું છે.
આતમ ગુણ પ્રગટાવી મારે, મોક્ષમાં વિચરવું છે.

આઠ કર્મનો ક્ષય કરીને, શાશ્વત ઘરમાં રહેનારા.
સિદ્ધપ્રભુની જેમ મારે, સિદ્ધાલયમાં રહેવું છે.
આતમગુણ પ્રગટાવી મારે, મોક્ષમાં વિચરવું છે.

આચાર્યની આજ્ઞા પાલન કરતાં, આતમ મારો શુદ્ધ બને.
આંગળી પકડી ગુરુવરની, તેના જેવું મારે બનવું છે.
આતમ ગુણ પ્રગટાવી મારે મોક્ષમાં વિચરવું છે.



શ્રુતજ્ઞાનની આરાધના હું, ઉપાધ્યાયની જેમ કરું.
તેમના પગલે ચાલી મારે, શાસન પ્રભાવક બનવું છે.
આતમ ગુણ પ્રગટાવી મારે, મોક્ષમાં વિચરવું છે.

પંચમહાવ્રત ધારણ કરતાં, સંત-સતીજીને વંદન હો..
પ્રભુની પછેડી પહેરી મારે, તેમની સંગ વિહરવું છે.
આતમ ગુણ પ્રગટાવી મારે, મોક્ષમાં વિચરવું છે.

**MORAL**

બાળકો! આપણા પરમ પુણ્યનો ઉદય છે કે – જિનશાસનમાં આપણો જન્મ થયો પણ આપણે ફક્ત જન્મથી નહીં પણ કર્મથી સાચા જૈન બનવું છે. “ જેવી ભાવના એવી સંભાવના” હોય છે માટે આપણે આપણા સાચા ઘર સિદ્ધક્ષેત્રમાં.... મોક્ષમાં જવું હોય તો આપણે નિત્ય પંચપરમેષ્ઠી ભગવંતોનું સ્મરણ કરી તેમના જેવા ગુણો આપણામાં પણ પ્રગટે એવી ભાવના ભાવવી જોઇએ.

# વિભાગ - 6

# સંસ્કાર વિભાગ

## નિત્ય આરાધના

### સવારે ઉઠીને શું કરશો ?

1 પાંચ વાર નમસ્કાર મહામંત્ર બોલીશું.

2 ઇશાન (North East) ખૂણા તરફ
મુખ કરી દેવ, ગુરુ અને
ધર્મને ત્રણ-ત્રણ વંદના કરીશું.

3 દાદા-દાદી, માતા-પિતા
તથા દરેક વડીલને બે હાથ જોડી
મસ્તક ઝૂકાવી જય જિનેન્દ્ર કહીશું.

4 'વિવેક પૂર્વકનું વર્તન' અને
'પુણ્ય અર્જન' આ કાવ્ય બોલીશું.




5 ઘરની બહાર જતી વખતે,
સર્વેને જય જિનેન્દ્ર કહીને નીકળીશું.

# રાત્રે સૂતાં પહેલાં શું કરશો ?

1 ઘરના દરેકને Sorry કહેશું.

2 પાંચ નમસ્કાર મહામંત્ર બોલશું.

3 'વીરનો વારસદાર' તથા
'મોક્ષમાં વિચરવું' - એ કાવ્ય બોલશું.

4 જગતના સર્વ જીવો સાથે ક્ષમાયાચના કરશું.

5 દરેક ઉપકારીના ઉપકારને યાદ કરી
તેમને Thank you કહીશું.

ચઉવ્વિહં પિ આહારં
પચ્ચક્ખામિ - અસણં...

6 ચઉવિહારના પચ્ચક્ખાણ કરશું.

> રાતે વહેલાં જે સુવે, વહેલાં ઉઠે વીર;
> બળ-બુદ્ધિને ધન વધે, સુખમાં રહે શરીર.

# school તથા ધર્મસ્થાનની શિસ્ત

1. School કે પાઠશાળા આપણું વિદ્યામંદિર છે તેથી અહોભાવ સાથે ત્યાં પ્રવેશ કરવો.
2. School તથા પાઠશાળા સમયસર પહોંચી જવું.
3. પોતાની bag તથા ઉપકરણો (આસન, મુહપત્તી) વગેરે વ્યવસ્થિત રાખવા.
4. શિક્ષક તથા દીદીને નમન કરવા
5. School તથા પાઠશાળામાં ગેરવર્તણુક (દોડા-દોડી, મારામારી,) વગેરે કરવી નહીં.
6. અન્ય કોઇની વસ્તુ પૂછયાં વગર લેવી નહીં.
7. કયાંય પણ જઇએ ત્યારે બૂટ - ચંપલ વ્યવસ્થિત lineમાં મૂકવા.
8. સાથે જતી-આવતી વખતે હંમેશાં lineસર ચાલવું. કીડી, જીવજંતુ પણ lineસર ચાલી શકે તો આપણે કેમ ચાલી ન શકીએ ? તેમ જ હંમેશાં lineસર બેસવું.
9. ભણતી વખતે વાતો કરવી નહીં. એકાગ્રતા રાખવી જેથી કરી જ્ઞાનદાતાની અશાતના ન થાય અને આપણને જ્ઞાનાવરણીય કર્મ ન બંધાય.
10. જરૂર વગર બોલવું નહીં. મૌન રાખવું.
11. Lunch, નાસ્તો વગેરે સમયની મર્યાદામાં રહીને પતાવી દેવું.
12. શિક્ષક, દીદીએ આપેલ homework અવશ્ય કરીને જવું.
13. શિક્ષક, દીદી તથા અન્ય સર્વે સાથે નમ્રતા પૂર્વક વાતચીત કરવી. મોટા અવાજે બોલવું નહીં.
14. જ્ઞાનના પુસ્તકો, note books વગેરેમાં ચિતરામણ કરવું નહીં. તેમના પ્રત્યે બહુમાન રાખવું.



# ઘરની શિસ્ત (discipline)

1. ઘરની દરેક વ્યક્તિ સાથે નમ્રતાથી બોલવું.
2. Schoolમાંથી ઘરે જઇ બૂટ - ચંપલ, મોજા જ્યાં-ત્યાં ઉડાડવા નહીં પણ શાંતિથી જગ્યાએ મૂકી દેવા.
3. School bag તેની જગ્યાએ મૂકવી.
4. Lunch box તથા water bag kitchenમાં તેના સ્થાને મૂકવા.
5. રબર, કંપાસ, ફુટપટ્ટી વગેરે કોઇપણ વસ્તુ જેમ- તેમ ફેંકવી નહીં.
6. વ્યવસ્થિત હાથ ધોઇને ભોજન લેવા બેસવું.
7. T.V. જોતાં-જોતાં જમવું નહીં.
8. સમયસર homework કરી લેવું.
9. રાત્રે વહેલાં સૂઇ જવું અને સવારે વહેલાં ઉઠવું.



|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબહેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva- Dharmik Shikshan Board,

Jayant Arcade, office No 202, 2nd floor,
M.G. Road, Rajawadi Signal, Ghatkopar (E), Mumbai- 400077

E-mail: jainshikshanboard@gmail.com Website: www.jaineducationboard.org

### Our Website

- Contact Details of Shikshan Board office (Phone & Email)
- News and Events related to examination and breaking news
- Know Goals and Visions of Board
- Facility to enroll forthcoming exam online
- Last seven years historical exams and answer papers available
- Downloadable version of Shreni exams book
- Schedule of forthcoming Shreni exams available
- Avail Jain Pathavali Online
- Access Photographs of various events
- View Past exams results

### વેબ સાઇટમાં માહિતી

શિક્ષણ boardની officeના phone no. તથા Email મેળવી શકશે.
Board દ્વારા આગામી પરીક્ષાની માહિતી વિગતવાર મૂકવામાં આવશે.
Boardના હેતુ તથા ધ્યેય જાણવા મળશે.
ઘર બેઠાં online registration કરી શકશે.
છેલ્લા ચાર વર્ષની પરીક્ષાના paper તથા જવાબો મેળવી શકાશે.
દરેક શ્રેણીનો અભ્યાસક્રમ download કરી શકશો.
પરીક્ષા માટેની માહિતી સમયસર મળી શકશે.
જૈન પાઠાવલી Online મેળવી શકશો.
Programના ફોટા જોઈ શકાશે.
ભૂતપૂર્વ આપેલી પરિક્ષાનું પરિણામ જોઇ શકશો.

# ભૂલની કબૂલાત

મમ્મી પપ્પા (2) માફ કરી દયો.... (2)
Back answer હવેથી નહીં આપું, માફ કરી દયો.
ગુરુદેવે સમજાવ્યું અમને, માફ કરી દયો,
Sorry કહીએ વારંવાર, માફ કરી દયો
ભૂલ થઇ અમારી, અમને માફ કરી દયો.... મમ્મી....

પ્યારી દીદી (2) માફ કરી દયો.... (2)
મસ્તી હવે નહીં કરીએ, માફ કરી દયો.
Lesson બરાબર કરીશું, માફ કરી દયો,
સંતોએ સમજાવ્યું અમને, માફ કરી દયો.
અવિનય થયો અમારો, માફ કરી દયો.... પ્યારી.....

ઉપકારી ગુરુદેવ અમને, માફ કરી દયો.... (2)
નાના અમે ભૂલકાં, અમને માફ કરી દયો.
શિસ્ત બરાબર રાખીશું, અમને માફ કરી દયો,
મિચ્છામી દુક્કડમ્ કહીએ, માફ કરી દયો.
સારા બચ્ચાં બનીશું, અમને માફ કરી દયો.... ઉપકારી....